॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

જાન્યુઆરી ૨૦૨૫ * વર્ષ ૩૯ * અંક ૧૦



શ્રી સ્વામિનારાયણ મંદિરજી, અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, ભારતમાં સુવર્ણ મૂર્તિ સ્વરૂપે બિરાજમાન બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ

|| વિદ્વત્તા સહ સાધુતાથી જગમાં, સત્સંગ વિસ્તારિયો ; કીધાં ભવ્ય સુમંદિરો વિચરતાં, ભીડો શરીરે ખમ્યો ;
શ્રીજી અક્ષર સાથ મધ્ય શિખરે, પ્રસ્થાપિયા હામથી; શાસ્ત્રીજી મહારાજને સ્તુતિ કરી, વંદું અહોભાવથી. ||

**શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તક**

**ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજને પ્રાગટ્યમંગલે કોટિ કોટિ વંદન !**





સ્વામિશ્રીજી

# ॥ શાન્તિ ॥

**હૃદયસ્થ વ્હાલા સદ્‌ગુરુદેવ**
**પૂજ્ય શાંતિદાદાને વંદન સહ ભાવાંજલિ !**

બ્રહ્માંડ સમસ્તે શાન્તિ
શાન્તિ અંતરિક્ષમાં
પૃથ્વી ઉપર શાન્તિ
શાન્તિ પંચ મહા તત્ત્વમાં
વૃક્ષ લતા વનસ્પતિ પુષ્પે શાન્તિ
શાન્તિ દેવ-જીવ-પ્રાણીમાત્રે
શાન્તિ બ્રહ્મ
હૃદયાકાશે નિરંતર મધુર
પરમ અક્ષર શાન્તિ શાન્તિ શાન્તિ !













સ્વામિશ્રીજી

# નૂતન વર્ષ ૨૦૨૫ના મંગલ આરંભે...



**ઈસ્વીસન** ૨૦૨૫ના નૂતન વર્ષ આરંભે સૌને શુભેચ્છાઓ સાથે વંદન ! સૌનું સર્વદા સર્વ રીતે મંગલ થાઓ તેવી શ્રી સ્વામિનારાયણ ભગવાન અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણોમાં પ્રાર્થના !


આ સંસારના અને સંસારમાં મંગલના પાંચ સ્રોત છે: એક, સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન; બીજો, ભગવાનનું મંદિર; ત્રીજો, ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલો મહામંત્ર 'ૐ સ્વામિનારાયણ'; ચોથો, ભગવાનની પરાવાણી, મહિમા અને લીલાચરિત્રોનાં શાસ્રો; અને પાંચમો, ગુણાતીતભાવને પામેલા, બ્રાહ્મીસ્થિતિમાં પ્રગટ એવા સંત કે જેઓ ભગવાનના તત્ત્વના સાંગોપાંગ ધારક – ભગવાનના અક્ષરધામરૂપ સાધુ છે. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને જીવન આચરણમાં સહજ જીવવા સાધના કરતાં આપણાં સૌ માટે આવા ગુણાતીત સાધુ સ્વરૂપે ગુરુહરિ સંતભગવંત સાહેબજી પ્રગટ છે.

અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ આવા ગુણાતીત સાધુના મહિમાની વાત વર્ણવતાં કહ્યું, "આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતું સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય..." (અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતું ૧/૩૦).

જેનાં મન, કાન અને આંખનાં પાપ બળી જાય તેનાં જીવન નિષ્પાપ અને મંગલમય બની જાય ! ત્યારે, આપણાં જીવનનાં સર્વ મંગલના સ્રોત તે આવા ગુણાતીત સ્વરૂપ પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી છે.

૨૦૨૫ના જાન્યુઆરીની ૧૩ તારીખે અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના દીક્ષાતિથિ પોષી પૂનમના મંગલ દિને પ્રભુ શ્રીહરિ શ્રીજી મહારાજ અને શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ કે, આપણને કેવળ કૃપાથી પ્રાપ્ત પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી આપણાં જીવનનાં સર્વ મંગલરૂપ છે તેવી દૃઢ અને અચળ પ્રતીતિ દ્વારા તેઓ આપણા આત્મારૂપ છે તેવા સાક્ષાત્કાર થાઓ !

જીવનમાં આવા બ્રહ્મરૂપપણાના સાક્ષાત્કારના સરળતમ્ માર્ગને પણ સ્વયં અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ જ ચીંધ્યો છે. અને તે માર્ગ ઉપરનું પહેલું પગલું છે મહિમા ! આપણને કેવળ કૃપાથી જ મળ્યા છે તેવા પ્રગટ ગુરુહરિ સાહેબજીનો યથાર્થ મહિમા સમજાય તો, શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી પોતાની પહેલી જ 'વાત'માં કહે છે તેમ "... જીવ બીજી રીતનો થઈ જાય...," એટલે કે અપાર મહિમાવંત સંતભગવંત સાહેબજી જ મારો આત્મા છે તેવી તેઓ સાથે પ્રીતિએ યુક્ત આત્મબુદ્ધિ થતાં મારો જીવ અક્ષરરૂપ છે, બ્રહ્મરૂપ છે તેની જાગ્રતતા પમાય ! આવી જાગ્રતતા અને જાણપણું સહજ રાખી જીવતો મનુષ્ય અક્ષરમુક્ત ! અને જે અક્ષરરૂપ મુક્ત છે તે તો શ્રી પુરુષોત્તમના પ્રગટ સ્વરૂપ ગુરુરૂપ હરિના દાસરૂપે કેવળ તેઓની બાંસુરી બની રહે – સદાય નિર્લેપ, નિષ્કામ, નિરંજન અને નિમિત્ત !



ઉપરોક્ત આ સર્વ વાતનો આરંભ થાય છે મહિમા સમજવાથી. શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ તો પોતાની 'વાત'માં ત્યાં સુધી કહ્યું કે, "મહિમા સમજવા જેવું મોટું બીજું કોઈ સાધન નથી..." અને આવો મહિમા સમજવાનું કારણ તે ભગવદી સંતનો પ્રસંગ છે, પણ તે વિના આવો મહિમા સમજાતો નથી.

નૂતન વર્ષના મંગલ આરંભે આવો, આપણે નિર્ધાર કરીએ કે, ભગવદી સંતના પ્રસંગના સહેલામાં સહેલા માર્ગરૂપ અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજરી આપીએ અથવા તેવી સભા આપણા નિવાસસ્થાને આરંભ કરીએ. ગુરુહરિ સાહેબજીના મહિમાને યત્કિંચિત્ પામવાનો અને તેઓના રાજીપાનો આ સરળ માર્ગ છે, જીવને અને જીવનને અપાર બળ પમાડે તેવો માર્ગ છે. તે માર્ગે પ્રભુના બળે શ્રદ્ધાપૂર્વક ડગ માંડી નૂતન વર્ષનો સાચા અર્થમાં મંગલ આરંભ કરીએ. ◆

સા.શ્રી... ~ સાધુ મનોજદાસ

॥ સ્વામિશ્રીજી ॥





### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

શ્રી વચનામૃત ગઢડા પ્રથમ ૭૦ 'કાકાભાઈનું, ચોરને કાંટો વાગ્યાનું'નું નિરૂપણ
૧૦ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', બ્રહ્મજ્યોતિ, મોગરી.

**શ્રીજીમહારાજ બોલ્યા જે, 'મોટા મોટા પરમહંસ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો તથા કોઈ હરિભક્તને પૂછવું હોય તો પરમહંસને પૂછો.' ત્યારે ગામ રોજકાના હરિભક્ત કાકાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'અંતરને માંહેલી કોરે એક કહે છે જે, 'વિષયને ભોગવીએ,' અને એક તેની ના પાડે છે, તે ના પાડે છે તે કોણ છે ને હા પાડે છે તે કોણ છે ?'**

મોટા ભાગે તો ભગવાનનો આશરો હોય અને ભગવાનને રાજી કરવાનો ભાવ હોય એવા ભક્તિના માર્ગે ચાલનારા સંતો-ભક્તોને આવા પ્રશ્નો ઊઠે. બાકી, જગતમાં ઘણાંને તો ખ્યાલ જ નથી કે પ્રશ્ન ઊઠે છે કે નથી ઊઠતા ? પણ, જે ભક્ત હોય એને પ્રશ્નો ઊઠે અથવા વિષયને ભોગવવા કે ના ભોગવવા તેની અંદર ખેંચાખેંચ થાય. અંતરનો માહ્યલો એમ કહે કે, વિષય ભોગવીએ અને એક તેની ના પાડે ; તો એ ના પાડે છે એ કોણ છે ? અને ભોગવીએ એમ હા પાડે છે એ કોણ છે ? એ મુદ્દાનો પ્રશ્ન છે.

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'લ્યો, એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે, આ આપણે છીએ તે જે દિવસથી સમજણા થયા અને માબાપની ઓળખાણ પડી તે દિવસથી માબાપે નિશ્ચય કરાવ્યો જે, 'આ તારી મા ને આ તારો બાપ, ને આ તારો કાકો ને આ તારો ભાઈ, ને આ તારો મામો ને આ તારી બેન, ને આ તારી મામી ને આ તારી કાકી, ને આ તારી માશી ને આ તારી ભેંશ, ને આ તારી ગાય ને આ તારો ઘોડો, ને આ તારું લૂગડું ને આ તારું ઘર, ને આ તારી મેડી ને આ તારું ખેતર, ને આ તારાં ઘરેણાં ;' ઈત્યાદિક જે કુસંગીના શબ્દ તે આ જીવની બુદ્ધિમાં રહ્યા છે. તે કેવી રીતે રહ્યા છે ?**

ગામડાના અભણ માણસ પણ બહુ સહેલાઈથી સમજી શકે એવું સ્વામિનારાયણ ભગવાન દૃષ્ટાંત આપે છે. મા-બાપે ભાઈ-બહેન, કાકા-કાકી, મામા-મામી ને ગાય-ભેંશની પણ ઓળખાણ કરાવી. પણ, ઓળખાણ તો એવી કરાવવી જોઈએ કે, આ તારા ઈષ્ટદેવ, આ તારા ગુરુ, આ તારા સાધુ, આ તારા ભક્ત અને સત્સંગી ! અને ભગવાનથી જે દૂર લઈ જાય એ બધો કુસંગ !

**તો જેમ કોઈક સ્ત્રીઓ ભરત ભરે છે તેમાં કાચનો કટકો હોય છે, તેમ ભરતને ઠેકાણે બુદ્ધિ છે અને કાચના કટકાને ઠેકાણે તે જીવ છે.**

કચ્છીઓ આભલાં ભરે છે એનું મહારાજે દૃષ્ટાંત આપ્યું. નાના અમથા કાચના ટુકડાને તેઓ કપડામાં વચ્ચે સાંધીને ફીટ કરી દે.

**તે બુદ્ધિમાં એ કુસંગીના શબ્દ ને તેનાં રૂપ તે પંચવિષયે સહિત રહ્યાં છે ; અને તે જીવને પછી સત્સંગ થયો ત્યારે સંતે પરમેશ્વરના મહિમાની ને વિષયખંડનની ને જગત મિથ્યાની વાર્તા કરી, તે સંતની વાર્તા ને તે સંતનાં રૂપ તે પણ એ જીવની બુદ્ધિમાં રહ્યાં છે.**

સત્સંગ થતાં પહેલાં કુસંગીના શબ્દ-આ તારો બાપ, કાકા-કાકી, બહેન, બળદ એ બધું થાય, પણ પછી ભગવાનનો નિશ્ચય થયો, જીવને સત્સંગ થયો, પરમેશ્વરના મહિમાની વાત થઈ તે પછી વિષયખંડનની ને જગત મિથ્યાની વાત થઈ. એટલે જીવમાં પછી રસ્સાખેંચ થઈ. તે સંતની વાર્તા ને તે સંતનાં રૂપ તે પણ જીવની બુદ્ધિમાં રહ્યાં છે ; તે બે લશ્કર પછી સામસામે આવ્યાં.

**તે એ બે લશ્કર છે ને સામસામાં ઊભાં છે. જેમ કુરુક્ષેત્રને વિષે કૌરવ ને પાંડવનાં લશ્કર સામસામાં ઊભાં હતાં, ને પરસ્પર તીર ને**


**બરછી ને બંદૂક ને તોપ ને જંજાળોની લડાઈ થતી હતી, અને કોઈક તરવારે લડતા હતા ને કોઈક ગદાએ લડતા હતા ને કોઈક બથોબથ લડતા હતા, ને તેમાં કોઈનું માથું ઊડી ગયું ને કોઈની સાથળ કપાઈ ગઈ, એમ કચ્ચરઘાણ ઊડતો હતો. તેમ આ જીવના અંતઃકરણમાં પણ જે કુસંગીનાં રૂપ છે તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે, અને વળી જે આ સંતનાં રૂપ છે તે પણ, 'ભગવાન સત્ય ને જગત મિથ્યા ને વિષય ખોટા,' એવા જે શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે. અને એ બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે. તે જ્યારે કુસંગીનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઇચ્છા થઈ આવે છે ને જ્યારે આ સંતનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઇચ્છા નથી થતી; એમ પરસ્પર અંતઃકરણમાં લડાઈ થાય છે.**

બહારનો કુસંગ વધે તો તે ભગવાનથી દૂર લઈ જાય અને વિષય ભોગવ્યાનું મન થઈ જાય. પણ જો સંતનો યોગ વધે તો સેવા-પ્રાર્થના-ભજનનું બળ વધે; તો વિષય ભોગવવાથી દૂર થઈ જઈએ, વિષય ભોગવવાની ઇચ્છા ના થાય. એટલે કથા-વાર્તા, ધૂન-ભજન-પ્રાર્થના કરવાનાં ! યાદ રાખીએ, ભગવાનથી દૂર લઈ જાય, ભગવાનની આજ્ઞા ના પાળવા દે, ભગવાનનાં દર્શન ના ગમે, ભગવાનની પાસે જવું ના ગમે એ વિષય. જો કુસંગના યોગમાં રહીએ તો પંચવિષય ખેંચી જાય અને સત્સંગના યોગમાં રહીએ તો વિષય આપણને કંઈ કરી શકે નહીં.

'વચનામૃત'માં એક જગ્યાએ મહારાજે એક ખેડૂતના દીકરા અને ચીભડાંની વાત કરી છે. સામાન્ય રીતે ગામડાંમાં રહેતા ખેડૂતો ખેતરમાં પહેલો પાક આવે, પોતાના આંબા પર પહેલી કેરી આવે તે મંદિરમાં ઠાકોરજીને ધરાવવા મોકલે, પછી પોતે જમે. અત્યારે આપણા ઘણા બધા સત્સંગીઓ શહેરમાં રહે છે છતાં પણ પહેલી કેરી અહીં ઠાકોરજીને મોકલે, પછી પોતે કેરી ખાય. એમ,આ ખેડૂતે ચીભડાં વાવેલાં ને પહેલું ચીંભડું સરસ પાકીને તૈયાર થયું. શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે ત્યારે પ્રગટ હતા ને જેતલપુરમાં બિરાજમાન હતા. એટલે એને થયું કે, મહારાજ અહીંયાં બિરાજમાન છે તો મારું પહેલું ચીભડું ભગવાનને જમાડું. તેથી સીઝનનું પહેલું ચીભડું લઈને એ નીકળ્યો. અત્યારે તો કૉલ્ડ સ્ટૉરેજ થઈ ગયાં એટલે બારેય મહિના ચીભડાં મળે છે, પણ ત્યારે સીઝન વગર કંઈ મળતું નહીં. ઘરેથી બે-ચાર ગાઉ ચાલવાનું હતું. ચાલતાં ચાલતાં રસ્તામાં એને થયું કે, 'ચીભડાની આટલી સરસ સુગંધ છે, એને હું ખાઈ જોઉં, મહારાજ પાસે તો બહુ બધું હશે, તેમાં મારા ચીભડાની શી ગણતરી ?' પણ ત્યારે બીજું અંદરથી થયું, 'ના, મહારાજ માટે છે એટલે મહારાજને ધરાવીને જ જમવું છે, એ પહેલાં જમવું નથી.' ઇન્દ્રિયો-અંતઃકરણનો એક ભાવ કહે, 'ચીભડું ખાઈ જઈએ.' બીજો ભાવ એવું કહે, 'મારે ભગવાનને જમાડવું છે, એ પહેલાં મારે જમવું નથી.' આગળ કહ્યું એમ, સામસામાં લશ્કર ! એટલે ઇન્દ્રિય-અંતઃકરણ કે જેને ભોગ ભોગવવાની ઇચ્છા છે એ એકબાજુ આવું કહે કે, 'ખાઈ લઈએ,' અને જીવને ભગવાનને રાજી કરવાની ઇચ્છા છે એ એવું કહે કે, 'ભગવાનને જમાડ્યા વગર ખવાય જ નહીં.' એમ, લડત લેતા લેતા એણે ચીભડું ખાધું નહીં ને મહારાજ પાસે પહોંચી ગયો. નાનો છોકરો એટલે મહારાજની સભામાં એ પાછળ બેઠો હતો. મહારાજે એને જોયો એટલે બોલાવીને આગળ બેસાડ્યો. પછી કહે, 'લાવ તારી થેલીમાં શું લાવ્યો છું ?' એણે ચીભડું કાઢીને મહારાજને આપ્યું. મહારાજે સંતોને કહ્યું, 'ચીભડું ધોઈ લાવો.' પછી સભામાં મહારાજે ચીભડું કાપીને ખાધું ને ખુશ થઈ ગયા અને કોઠારીને કહીને સાકરના બે મોટા પડા મંગાવીને એ છોકરાને રાજીપા રૂપે આ પ્રસાદ આપ્યો – એટલો બધો રાજીપો બતાવ્યો.

ત્યારે સભામાં એક મોટા શેઠિયા બેઠા હતા. એમને થયું કે, સ્વામિનારાયણ ભગવાનને ચીભડાં બહુ ભાવતાં લાગે છે. એટલે બીજા દિવસે ગાડું ભરીને ચીભડાં ખરીદી લઈને આવ્યા. સભામાં આવીને બેઠા ને મહારાજને કહ્યું, 'મહારાજ, કાલે પેલો એક ચીભડું લાવ્યો હતો,

ભગવાનથી દૂર લઈ જાય,
ભગવાનની આજ્ઞા ના પાળવા દે,
ભગવાનનાં દર્શન ના ગમે,
ભગવાનની પાસે જવું ના ગમે એ વિષય.





**યુવાનોએ તો સેવાની કંઈ પણ તક મળે**
**તો મંડી જ પડવું,**
**એનાથી આત્માને બળ મળશે ને**
**ઈન્દ્રિય-અંતઃકરણના ભાવો પર જીત મળશે.**

આજે હું ગાડું ભરીને ચીભડાં લાવ્યો છું.' એમને મનમાં એમ હતું કે, હું ગાડું ભરીને ચીભડાં લાવ્યો છું, તો મને મહારાજ ગુણ ભરીને સાકર આપશે. પણ મહારાજ કહે, 'પેલા જે તલપુરના તળાવમાં જઈને ચીભડાં નાખી આવો.' શેઠ કહે, 'મહારાજ, તમે તો કાલે ચીભડું બહુ વખાણ્યું હતું ને?' ત્યારે મહારાજ કહે, 'એ છોકરો મન સાથે લડત લેતો લેતો આવ્યો હતો, એમાં એની જીત થઈ. એક બાજુ ઈન્દ્રિય-અંતઃકરણને ખાવાની ઈચ્છા હતી અને જીવને મને જમાડવાની ઈચ્છા હતી. તેણે યુદ્ધ કરતા કરતા ઈન્દ્રિય-અંતઃકરણના લશ્કરને મચક ના આપી ને અહીં સુધી ચીભડું પહોંચાડ્યું; એનો રાજીપો બતાવ્યો હતો.'

અંદરથી ભગવાનને ન ગમે એવું કરવાની ઈચ્છા થાય, પણ જીવમાં થાય કે, ભગવાનને નથી ગમતું એટલે મારે કરવું જ નથી. મહારાજ કહે, તમને ઈચ્છા થાય તે કોઈ પ્રૉબ્લેમ નથી, યાદ રાખો. પણ, એને વશ ના થઈએ એવું આત્માનું બળ હોવું જોઈએ. અને એવું બળ મેળવવા માટે જ અત્યારે સેવાઓ કરાવીએ છીએ. સભામાં એટલે બેસવાનું, મંદિરમાં આવીને ધૂન એટલે કરવાની. કારણ કે, કઈ વખતે શું થશે તે માણસને ખબર નથી. ઘણાંને વિષયના ઍટેક આવતા હોય. તે વખતે જો જાગ્રત ના હોય તો લેવાઈ જાય, એમાં ફસકાઈ જાય, એમાં સ્ખલન થઈ જાય. ત્યારે મહારાજનું બળ જોઈએ, આત્માનું બળ જોઈએ. એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે, 'નિત્ય પ્રત્યે અડધો કલાક ધૂન કરવી, કથા-વાર્તાનું અને સેવાનું વ્યસન રાખવું.' સેવા કર્યા વગર રહેવાય જ નહીં. યુવાનોએ તો સેવાની કંઈ પણ તક મળે તો શરીરને જોયા વગર મંડી જ પડવું, તો એનાથી આત્માને બળ મળશે ને આત્માને બળ મળશે તો નાનપણથી જ જગતના વિષયો તરફ ખેંચવા પ્રયત્ન કરે છે તેવા ઈન્દ્રિય-અંતઃકરણના ભાવો પર જીત મળશે. આત્મામાં જો બળ હોય તો પછી લડત લેતાં લેતાં એક વખત એવો આવશે કે ઈન્દ્રિયો-અંતઃકરણમાં રહેલો કુસંગ પણ નીકળી જશે અને સુખિયા થઈ રહેવાશે.

**તે જેમ, 'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ।**
**તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥**

**એ શ્લોકમાં કહ્યું છે જે, 'જ્યાં યોગેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન છે અને ધનુષના ધરતલ અર્જુન છે, ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે, ઐશ્વર્ય છે અને અચળ નીતિ છે.' તેમ જેની કોરે આ સંતમંડળ છે તેનો જ જય થશે એમ નિશ્ચય રાખવો.'**

આપણા આત્મામાં રહેલા પ્રભુનો નિશ્ચય કે, હું ભગવાનનો ને ભગવાન મારા, મારા ભગવાન કર્તા-હર્તા છે, મારા માટે જે કંઈ કરે છે, જે થયું છે, જે થઈ રહ્યું છે, ને થશે તે કરનાર પ્રભુ જ છે ! એ પ્રભુ મને સત્પુરુષ દ્વારા મળ્યા છે અને આ સંતો, સત્સંગીઓનો સંગ છે. એટલે કહ્યું કે, 'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ।' પાંડવો ને કૌરવોનું યુદ્ધ થયું તેમાં કૌરવોની સેના બહુ મોટી હતી. પાંડવો પાસે એટલું બધું લશ્કર નહોતું અને સાથ આપનારા બીજા રાજાઓ પણ ઓછા હતા. પણ શ્રી કૃષ્ણ પરમાત્મા પાંડવોના પક્ષે હતા, એટલે અર્જુન બોલ્યો કે, 'અમારું યુદ્ધ જિતાઈ ગયું.' જ્યાં ભગવાન છે, ધનુર્ધારી અર્જુન છે અને નિષ્ઠાવાન લશ્કર છે ત્યાં જ લક્ષ્મી છે, રિદ્ધિ-સિદ્ધિ છે, વિજય છે, ઐશ્વર્ય છે ને અચળ નીતિ છે. એમ, આપણા પક્ષે ભગવાન છે, સંતો છે, ભક્તો છે તો છેવટે યુદ્ધમાં વિજય છે ને છેવટે બધી રીતે સુખી આપણે થવાના જ છીએ, પણ લડત લેવી પડે.

ઈન્દ્રિયો-અંતઃકરણના જે ભાવો છે, જેને આપણે દેહભાવ કહીએ છીએ. દેહભાવનું જ્યાં સુધી શુદ્ધિકરણ નથી થયું, એમાં જે કુસંગ અને જન્મોજન્મનું ને આ જન્મે બધું જગત ઘૂસેલું છે. જેમ અત્યારે કેન્સરનું દર્દ એવું છે કે, ઑપરેશન કરીને એ પાર્ટ કાઢી નાખો પણ કેન્સરનો થોડો પણ અંશ જો શરીરમાં રહી જાય તો પછી પાછું ફેલાય. એટલે ઑપરેશન કર્યા પછી એનો બીજો ઉપચાર છે - રેડિએશન અથવા કિમોથેરાપી. આછો-પાતળો પણ કેન્સરનો કોઈ અંશ રહી ગયો

હોય તો કિમોથેરાપીથી એ મરી જાય તો પછી ફરી કેન્સર થવાની શક્યતા ના રહે. એમ, આછો-પાતળો કુસંગ હોય તો જગતમાં ખેંચાયા વગર રહે નહીં. એ ટળી જાય એટલા માટે સેવા, ધૂન, ભજન, પ્રાર્થના કર્યાં જ કરવાનાં, એનો સોંપો જ નહીં પડવા દેવાનો. આપણી સાથે તો ભગવાન છે, સંતો છે, અર્જુન - એટલે એવા સાધુઓ છે અને ભક્તોનો સમૂહ છે. તો આપણે સાચા સૈન્યમાં છીએ તેથી નિશ્ચિંત રહીએ કે, આપણો વિજય થવાનો જ છે.

**ત્યારે વળી તે કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! એ સંતનું બળ વધે ને કુસંગીનું બળ ઘટે તેનો શો ઉપાય છે?'**

સરસ પ્રશ્ન પૂછ્યો છે કે, ભગવાનનું બળ વધે, સંતનું બળ વધે ને કુસંગીનું બળ ઘટે એનો શો ઉપાય છે ?

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અંતરમાં જે કુસંગી રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે, અને વળી અંતરમાં સંત રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે. પણ જે અંતરમાં કુસંગી છે તેનું બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે**

અંદર કુસંગ તો છે જ અને બહાર પણ કુસંગીઓ ફરતા હોય છે; એનો જો સંગ રાખીએ તો કુસંગીનું બળ વધે.

**અને અંતરમાં જે સંત છે તેનું પણ બહારના જે સંત છે તેને પોષણે કરીને બળ વધે છે. માટે બહારના કુસંગીનો સંગ ન કરે**

બહારના સંતનો સંગ રાખીએ, સત્સંગ રાખીએ તો સત્સંગનું બળ વધશે. કુસંગીનો સંગ એટલે ? ભગવાનને ન ગમે એવી વાતો કરતો હોય એ કુસંગી કહેવાય. ભગવાનથી દૂર લઈ જાય એવો સંગ એ કુસંગ. બહાર બધાની સાથે જવાનું, ફરવાનું, મળવાનું પણ એની વાત આપણે માનીએ નહીં, સ્વીકારીએ નહીં-એ સંગ કર્યો ના કહેવાય. કુસંગી ગમે એટલી વાતો કરે તો - અમારે મળતી નથી આવતી એટલે એ વાતનો સ્વીકાર ના કરીએ તો કુસંગ કર્યો ના કહેવાય. જેમ કે, શાકભાજીની લારી લઈને કોઈ આવે તો એમાં બધી પ્રકારનાં શાક હોય, લસણ-ડુંગળી પણ હોય. આપણે લસણ-ડુંગળી ના જોઈતાં હોય એટલે કંઈ શાકભાજીવાળાને કાઢી મૂકીએ ? એને તો લસણ-ડુંગળી લેવાવાળા ઘરાકો પણ હોય એટલે એ બધું રાખવું પડે. પણ, તમારે એમાંથી બટાકા જોઈતા હોય, રીંગણાં જોઈતાં હોય, ભીંડા જોઈતા હોય; તે લઈ લો પછી એ જતો રહે. એમાંથી તમે લસણ-ડુંગળી લો તો તમારે મુશ્કેલી છે, એ લેવું જ નથી પછી શું કામ એનું પૂછો છો ? એમ, કુસંગીઓ ગમે એટલી વાત કરે તો એની વાતને આપણે લઈએ નહીં, સ્વીકારીએ નહીં તો એ કુસંગ કર્યો ના કહેવાય.

તમે ગમે ત્યાં જાવ, તો આ કુસંગી છે કે સત્સંગી છે એ કેમની ખબર પડે ? તો એમની વાતો પરથી ખબર પડે. અમહિમા, ભાવફેર, માથાકૂટ, ખટપટ, નિંદા એવું કરતો હોય એ કુસંગી કહેવાય. એની વાતનો સ્વીકાર ના કરીએ તો એનો સંગ કર્યો ના કહેવાય. પણ, એની વાત માનીએ તો કુસંગ કર્યો કહેવાય. જો અંદરનો કુસંગ અને બહારનો કુસંગ એક થાય તો પછી વિષય તરફ ખેંચાઈ જવાય. એટલે બહારના કુસંગની વાતને માનીએ નહીં, સત્સંગીની ને સત્પુરુષની વાતનો જ સ્વીકાર કરીએ તો કુસંગ કર્યો ના કહેવાય.

**ને બહારના જે સંત છે તેનો જ સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય ને સંતનું બળ વધે એમ છે.' એમ શ્રીજીમહારાજે કહ્યું.**

**ત્યારે વળી કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! એકને તો કુસંગીની લડાઈ આળસી ગઈ છે ને સંતનું જ બળ છે એક એવો છે, અને એકને તો એમ ને એમ લડાઈ થતી રહે છે; તે એ બેમાં જેને લડાઈ આળસી ગઈ છે તે મરે ત્યારે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેમાં તો કાંઈ સંશય નથી, પણ જેને લડાઈ એમ ને એમ થાય છે તે મરે તેની શી ગતિ થાય? તે કહો.'**

આછો-પાતળો કુસંગ હોય તો
જગતમાં ખેંચાયા વગર રહે નહીં.
એ ટળી જાય એટલા માટે
સેવા, ધૂન, ભજન, પ્રાર્થના કર્યાં જ કરવાનાં,
એનો સોંપો જ નહીં પડવા દેવાનો.





**ભગવાનને ન ગમે એવું મારે કરવું જ નથી.
એવું કંઈ થઈ જાય તોય પાછો મંડી પડે કે,
પશ્ચાત્તાપ, પરિતાપની પ્રાર્થના કરીને
પાછો ઊભો થઈને લડે.
તો એ માણસ હાર્યો એ હાર્યો ના કહેવાય.**

સંતનું ને સત્સંગીનું બળ વધી જાય તો વિષય તરફ ખેંચાવાની વૃત્તિ ઓછી થઈ જાય. કુસંગની લડાઈ આળસી ગઈ છે એટલે એને વિષય ભોગવવાની ઈચ્છા જ હવે રહેતી નથી, તો એ તો અક્ષરધામમાં જ જશે. પણ જેની લડાઈ હજી ચાલુ છે – આકર્ષણ થાય છે, પણ બળ મળે એટલે પાછા છૂટી જાય છે; એમ લડત ચાલ્યા કરે છે; એ ઓચિંતો મરી જાય તો એનું શું થાય ? એની ગતિ શી થાય ? એ પ્રશ્ન છે.

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેમ એક લડવા નીસર્યો તેને આગળ વાણિયા કે ગરીબ વર્ણ આવ્યા તેને જીતી ગયો તે પણ જીત્યો જ તો. અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા, તેને તો જીતવા કઠણ જ છે પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત જિતાઈ જાય એવા નથી, માટે એ તો એમ ને એમ લડે છે. અને તેમાં જો જીત્યો તો જીત્યો અને જો લડતે લડતે શત્રુનો હઠાવ્યો તો ન હઠ્યો, પણ દેહનો આયુષ્ય આવી રહ્યો અને મૃત્યુને પામ્યો. તો પણ જે એનો ધણી છે તે શું નહીં જાણે જે, 'એને આગળ આવાં કરડાં માણસ આવ્યાં હતાં તે નહીં જિતાય અને આની આગળ તો વાણિયા આવ્યા હતા તે જિતાય એવા હતા ?' એમ એ બેય ધણીની નજરમાં હોય.**

મહારાજ કેવો દાખલો આપે છે ! લડવા નીકળ્યા ને સામે વાણિયા, બ્રાહ્મણ આવે તો એમને બે-ચાર ધોલ-થાપટ મારીએ એટલે જીતી જવાય. પણ કાઠી, કોળી, આરબ સામે આવે તો ? આપણે એક મારીએ તો એ સામે બે મારે. એમને જીતવા અઘરા પડે. એમ, ઘણાંને કાઠીની લડાઈ હોય. ઘણા સાધકોને, સાધુઓને, ભક્તોને વિષયો એવા ચવ્વડ જેવા હોય કે માથાકૂટ કરવી જ પડે. આ દેહ મા-બાપ તરફથી મળ્યો છે. અને મા-બાપ તરફથી મળેલા આ ઈન્સ્ટ્રુમેન્ટમાં જિન્સ મા-બાપનાં આવવાનાં. અને એ જિન્સનું પરિવર્તન કરવાનું છે.

આપણે ડૉક્ટરને શરીર બતાવવા જઈએ તો ડૉક્ટર પહેલા પ્રશ્ન પૂછે, 'તમારા બાપુજીને કે તમારાં બાને કે તમારા ઘરમાં કોઈને હાર્ટ ઍટેક આવ્યો હતો ?' ત્યારે કહીએ, 'ના.' 'તમારાં બા-બાપુજીને ડાયાબિટીસ હતો ?' કહીએ, 'ના.' 'અરે, હું મારું શરીર બતાવવા આવ્યો છું, મારાં મા-બાપનું બતાવવા નથી આવ્યો.' એવું આપણે કંઈ કહીએ ? ડૉક્ટર પહેલાં તો આપણું શરીર પણ ના જુએ ને આવી પૂછાપૂછ કરે, ડૉક્ટરને પૂછીએ કે, 'કેમ આમ પૂછો છો ?' તો કહે, 'જો આ લક્ષણો તમારાં બા-બાપુજીમાં હોય તો તમારામાં તે આવવાનાં ચાન્સીસ ખરા. અને એને નજર સમક્ષ રાખીને બધા ટેસ્ટ કરાવીએ.' મા-બાપ તરફથી મળેલા શરીરમાં ડાયાબિટીસ, હાર્ટ ઍટેક, બી.પી, કોઢ, વગેરે રોગો વારસામાં આવે.

ઘણા હોશિયાર છોકરાઓ લગન કરવા જાય તો એ છોકરીનાં મા-બાપને પણ જોવા માગે. શું કામ ? તો છોકરી રૂડી-રૂપાળી હોય, પણ મા-બાપ ઢોલ જેવાં હોય તો પછીથી એ છોકરી પણ ઢોલ જેવી થઈ જાય. ઘણાંને જો કોઢ હોય તો વારસામાં કોઢ પણ આવે. આ શરીર છે તે મા-બાપ તરફથી મળેલું છે. એટલે ઘણાં એવા રાંકભાવથી જીવન જીવતાં મા-બાપ હોય એવાની લડત વાણિયા-બ્રાહ્મણ જોડે કહેવાય. અને ઘણાં કાઠી જેવી ચવ્વડ પ્રકૃતિનાં મા-બાપ હોય અને એમના તરફથી દેહ મળ્યો હોય એવાંને એને જીતવું અઘરું પડે. પણ, મહારાજ તો જાણતા હોય ને કે, આને ચવ્વડ જેવાં પ્રકૃતિ-સ્વભાવનાં મા-બાપના ઘરે જન્મ મળ્યો છે એટલે બિચારાને યુદ્ધ બહુ લાંબું ચાલશે. અને યુદ્ધ કરતાં કરતાં મરી જાય તો પણ એની ગતિ વાણિયા-બ્રાહ્મણ જોડે યુદ્ધ કરીને જેવી થાય તેવી ગતિ એની પણ થાય. પણ લડત લેતો હોવો જોઈએ. લડતો હોવો જોઈએ કે, ભગવાનને ન ગમે એવું મારે કરવું જ નથી. એવું કંઈ થઈ જાય તોય પાછો મંડી પડે કે, પશ્ચાત્તાપ, પરિતાપની પ્રાર્થના કરીને પાછો ઊભો થઈને લડે. તો એ માણસ હાર્યો એ હાર્યો ના કહેવાય, યાદ રાખો ! અત્યારે ક્રિકેટની મેચો રમાય છે. કોઈ ટીમ હારી ગઈ એટલે બીજા દિવસે રમવાનું બંધ કરી દે ? સળંગ પાંચ-છ મેચ હાર્યા પછી પણ જીતતા હોય છે.

અબ્રાહમ લિંકન શિકાગોમાં લૉયર થયા પછી શિકાગો મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં કૉર્પોરેટર તરીકે ઊભા રહ્યા, પણ હારી ગયા. પછી હિંમત કરીને મૅયરની ચૂંટણીમાં ઊભા રહ્યા, એમાં પણ હારી ગયા. પછી હિંમત કરીને સૅનેટરની ચૂંટણીમાં ઊભા રહ્યા, એમાં પણ હારી ગયા. પછી કૉન્ગ્રેસમૅન તરીકે ઊભા રહ્યા, એમાં પણ હારી ગયા. એમની જિંદગીમાં એક પણ ઈલેક્શન તેઓ જીત્યા જ નહીં. છેવટે પ્રૅસિડૅન્સિયલ ઈલેક્શનમાં ઊભા રહ્યા. ત્યારે બધા હસતા હતા કે, તમારી જિંદગીમાં એક પણ ઈલેક્શન તો તમે જીત્યા નથી અને પ્રૅસિડૅન્સિયલ ઈલેક્શનમાં ઊભા છો ? તો તેઓ કહે, 'હું મારી જાતને હાર્યો માનું તો જ હું હાર્યો કહેવાઉં, પણ હું મારી જાતને હારેલો માનતો જ નથી.' પ્રૅસિડૅન્સિયલ ઈલેક્શનમાં તેઓ જીતી ગયા. આજે આખી દુનિયામાં અમૅરિકાના બૅસ્ટ પ્રૅસિડૅન્ટ અબ્રાહમ લિંકન કહેવાય છે. પણ, એમણે હાર નહોતી સ્વીકારી. એમ, મહારાજ કહે, સાધકે સાધનામાં સ્ખલન થાય કે પડી જવાય, કે જેને જે કહેવું હોય તે કહે, પણ હું ભગવાનને રાજી કરવા નીકળ્યો છું, તો જે થવાનું હોય તે થાય–મારે ભગવાનને રાજી કરવા જ છે ; એમ દૃઢતા રાખી ભગવાનને રાજી કરવાનો આલોચ મૂકે જ નહીં તો ભગવાન એને સહાય કરીને જિતાડી દે.

**તેમ એની ભગવાન સહાય કરે જે, 'આને આવા સંકલ્પ–વિકલ્પનું બળ છે અને લડાઈ લે છે, માટે એને શાબાશ છે ;' એમ જાણીને ભગવાન એની સહાય કરે છે.**

અશ્વિનભાઈએ બાપાને પ્રશ્ન પૂછ્યો કે, 'બાપા, અંદર સંકલ્પ–વિકલ્પના બહુ બધા આરોહ–અવરોહ ચાલે છે, યુદ્ધ ચાલે છે.' ત્યારે બાપાએ કહ્યું, 'એની સામે જોવાનું નહીં, સેવા કર્યા કરવાની. ચંપલમાં જેમ છાણ વળગ્યું હોય અને રોડ ઉપર ચાલ્યા કરીએ એટલે છાણ સુકાઈને ખંખેરાઈ જાય; એમ, કથા–વાર્તા, ધૂન, ભજન, પ્રાર્થના, સેવામાં વિષયો ક્યારે ખંખેરાઈ જશે તેની ખબર પણ નહીં પડે.' અને એવું જ થઈ ગયું ને ! યોગીબાપાની કૃપાથી આપણા અશ્વિનભાઈ 'સાધુરામ' બની ગયા ને !

કથા-વાર્તા, ધૂન, ભજન, પ્રાર્થના, સેવામાં
વિષયો ક્યારે ખંખેરાઈ જશે
તેની ખબર પણ નહીં પડે.

અમારી સાથે એક વિદ્યાર્થી હતો તે બી.એસસી.માં સાત વખત નપાસ થયો, જો પણ એણે ભણવાનું છોડ્યું જ નહીં ને સાતમા પ્રયત્ને પાસ થયો. જો છોડીને જતો રહ્યો હોત તો ? એમ, હાર કબૂલ કરે તો હારી ગયા, પણ હાર કબૂલ ના કરે તો ભગવાન કહે, એની જીત છે ને ભગવાન રાજી થઈને એને વખાણે કે, શાબાશ !

**માટે બેફિકર રહેવું. કાંઈ ચિંતા રાખવી નહીં. ભગવાનને એમ ને એમ ભજ્યા કરવું ને સંતનો સમાગમ અધિક રાખવો ને કુસંગીથી છેટે રહેવું.' એમ પ્રસન્ન થઈને શ્રીજીમહારાજ બોલતા હવા.**

પ્રયત્ન ચાલુ રાખે ને હાર ના કબૂલે તેઓને ભગવાન સહાય કરે છે, માટે બેફિકર રહેવું, ચિંતા ના કરવી. સંતસમાગમ અધિક રાખવો અને કુસંગથી છેટે રહેવું. આટલો ખ્યાલ રાખવો. તમને ડાયાબિટીસ હોય અને લાડવા ખાવ તો ચાલે ? એનાથી દૂર જ રહેવું પડે.

**ત્યારે ગામ જસકાવાળા જીવાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનનો અડગ નિશ્ચય કેમ થાય?' ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, 'કુસંગી થકી છેટે રહીએ.**

ખબર પડે કે, આ કુસંગી છે એટલે એનાથી પાંચ–સાત ફૂટ છેટે ઊભા રહીએ. જેમ ખબર પડે કે આને કૂતરું કરડ્યું છે તો એનાથી દૂર રહીએ કે ના રહીએ ? એમ, કુસંગીનો ખ્યાલ જ આવી જાય કે, આ ખટપટિયો, નિંદા, માથાકૂટ કરનારો છે તો એની પાસે જવું જ નથી, સંગ નથી રાખવો.

**અને સંતનો સમાગમ અતિશય રાખીએ.**

સંતનો સમાગમ કેવો રાખવો તો ગુણાતીતાનંદ સ્વામી કહે, સંત રોજ પાંચ ખાસડાં મારે તોય ખાસડું ખંખેરીને પાછું આપવું કે, ફરીથી





ભગવાનને કેવળ રાજી કરવા ને
જીવના કલ્યાણને અર્થે જ સત્સંગ કરીશું તો
ભગવાન રાજી થશે.
અને નહીં કલ્પ્યાં હોય એવાં
બધાં સુખ ભગવાન આપશે.

મારવા આપને કામ લાગશે. ગુણાતીત કહે છે તે કક્ષામાં તો આપણે આવી શકીએ જ નહીં, પણ સત્પુરુષ ગમે તે કરે – વઢે-ધખે, વખાણે-ના વખાણે, સામું જુએ-ના જુએ, પણ આપણે સંતને નિર્દોષભાવે વળગ્યા રહેવાનું. કારણ, આપણે આ લડત જીતવી છે એટલે.

**તો તે સંતની વાતે કરીને ભગવાનનો અડગ નિશ્ચય થાય અને જો કુસંગીનો સંગ કરીએ તો અડગ નિશ્ચય ન થાય.'**

અત્યારે બધા ભક્તો એવા થઈ ગયા છે કે, તેમને વઢે તોય વાંધો ના આવે. યોગીબાપા કહે, 'આપણને કોઈ ડોબું કહે તો વિચારવું કે, આપણે કોઈ જન્મે તો ડોબા હોઈશું જ ને !'

**ત્યારે વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'લ્યો, અમે એનો ઉત્તર કરીએ જે, ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો જે, 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય, અથવા વાંઝિયો છું તે દીકરો આવે, કે દીકરા મરી જાય છે તે જીવતા રહે, કે નિર્ધન છું તે ધનવાન થઉં, કે ગામગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે,' એવી જાતની જે પદાર્થની ઈચ્છા તે રાખીને સત્સંગ ન કરવો.**

ખરેખર સ્વામિનારાયણ ભગવાન એટલે આ કહે છે કે, તેઓના આશ્રયે રહી સત્સંગ કરીએ એટલે વસ્તુ-પદાર્થ ને બધું તો એની જાતે આવે, માંગવું ના પડે. જેમ પૈસાદારના ઘરે દીકરો જન્મ્યો હોય એને કહેવું પડે ? કે, મને નવાં કપડાં સિવડાવી આપો, મને આ આપો કે મને પેલું આપો. એનાં મા-બાપ જ બધું આપે, બીમાર થાય તો મા-બાપ જ એની ચિંતા કરે, એને કંઈ કહેવું ના પડે. એમ, આપણે ભગવાનના થઈને જીવીએ તો જે વખતે જેની જરૂર છે એ ભગવાન આપ્યા વગર રહેશે નહીં, માંગવું નહિ પડે.

**અને જો એવી જાતની ઈચ્છા રાખીને સત્સંગ કરે અને એ પદાર્થની ઈચ્છા પૂરી થાય તો અતિશય પાકો સત્સંગી થઈ જાય અને જો ઈચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય. માટે સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહીં.**

ભગવાનને કેવળ રાજી કરવા ને જીવના કલ્યાણને અર્થે જ સત્સંગ કરીશું તો ભગવાન રાજી થશે. અને ભગવાન રાજી થશે તો આપણે નહીં કલ્પ્યાં હોય એવાં બધાં સુખ ભગવાન આપશે.

**કાં જે, ઘરમાં દસ માણસ હોઈએ અને તે દસેનું મૃત્યુ આવ્યું હોય તેમાંથી એક જણ જો ઊગરે તો શું થોડો છે ? કે હાથમાં રામપત્તર આવવાનું હોય અને રોટલા ખાવા મળે તો શું થોડા છે ? સર્વે જનારું હતું તેમાંથી એટલું રહ્યું તે તો ઘણું છે ; એમ માનવું. એમ અતિશય દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું, પણ એ જીવને એમ સમજાતું નથી. અને જો શૂળી લખી હોય તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર પડે છે. ત્યાં એક વાર્તા છે જે, એક ગામમાં ચોર બહુ રહેતા. તેમાંથી એક ચોર સાધુને પાસે બેસવા આવતો હતો. તેને માર્ગને વિષે પગમાં કાંટો વાગ્યો, તે પગમાં સોંસરો નીકળ્યો. તેણે કરીને પગ સૂણ્યો તે ચોરીએ ન જવાણું અને બીજા ચોર તો ચોરી કરવા ગયા. તે એક રાજાનો ખજીનો ફાડીને ઘણુંક ધન લઈ આવ્યા અને સૌએ માંહોમાંહી વહેંચી લીધું. તે પૈસા બહુ આવ્યા. તેને સાંભળીને ચોર જે સાધુ પાસે આવતો હતો ને કાંટો લાગ્યો હતો તેનાં માબાપ, સ્ત્રી અને સગાં સર્વે વઢવા લાગ્યાં જે, 'તું ચોરી કરવા ન ગયો અને સાધુ પાસે ગયો તે આપણું ભૂંડું થયું ને તે ચોર ચોરી કરીને લાવ્યા તો કેટલાય પૈસા એમને આવ્યા.' ને એમ વાર્તા કરે છે ત્યાં રાજાનું**

**લશ્કર આવ્યું. તે સર્વે ચોરને ઝાલીને શૂળીએ દીધા, તેને ભેળે એને પણ ઝાલીને શૂળીએ દેવા સારુ લઈ ગયા. ત્યારે તે સર્વે ગામને માણસે તથા સાધુએ સાખ પૂરી જે, 'આ તો ચોરી કરવા નો'તો ગયો, એને તો કાંટો વાગ્યો હતો.' ત્યારે તે ઊગર્યો. એમ સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે;**

'શૂળીનો ઘા કાંટેથી સર્યો.' એ કહેવત શેના પરથી પડી ? મહારાજે એનો દાખલો આપ્યો. એક ગામમાં ચોરો રહેતા ને ચોરી કરવા જતા. એમાંના એક ચોરને સાધુની કથા સાંભળવા જતાં રસ્તામાં કાંટો વાગ્યો એટલે પગ સૂજી ગયો. બીજા દિવસે ચોરો રાજાના રાજમહેલમાં ચોરી કરવાના હતા, પણ આનાથી પગે ચલાય નહીં એટલે જવાયું નહીં. પેલા લોકો જઈને ચોરી કરી આવ્યા ને એમણે એ પૈસા વહેંચ્યા તો એમાં બધાને ભાગે બહુ પૈસા આવ્યા. આ ચોર નહોતો ગયો એટલે એનાં પત્ની તથા ઘરવાળાં બધાં કહે, 'તું કથા સાંભળવા ગયો ને કાંટો વાગ્યો ને ચોરી કરવા ના ગયો, આ લોકોએ ચોરી કરીને કેટલું બધું ધન મેળવ્યું ને તું રહી ગયો !' રાજાના મહેલમાં ચોરી થઈ એટલે ચોરોને પકડવા ધાડ આવી ને બધાને પકડી ગયા. રાજાના મહેલમાં ચોરી થઈ હતી એટલે રાજા ખિજાયો અને કહ્યું, 'બધા ચોરોને શૂળીએ ચઢાવી દો.' – મૃત્યુદંડની સજા. ત્યારે સંતે અને ગામના લોકોએ કહ્યું, 'આને તો પગે કાંટો વાગ્યો હતો એટલે એ ચોરી કરવામાં હતો નહીં.' 'શૂળીએ ચઢાવી દો' એટલે કે મૃત્યુદંડની સજા થઈ હતી પણ કાંટો વાગ્યો હતો, એ કાંટો વાગવાના દર્દથી એને શૂળીનું દુઃખ મટી ગયું. એમ, ભક્તને આવું જે કાંટો વાગ્યા જેટલું દુઃખ આવે, પણ બહુ મોટા દુઃખમાંથી ભગવાન એની રક્ષા કરતા હોય છે. મહારાજ એ કહે છે. તમને જે દુઃખ આવ્યું છે એના કરતાં અનંતગણું દુઃખ આવવાનું હતું, પણ થોડું દુઃખ આપીને ભગવાને તમારી રક્ષા કરી.

**કાં જે, અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહીં; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય; એ બે વર મને આપો.' એમ મેં રામાનંદ સ્વામી પાસે માગ્યું, ત્યારે મને રામાનંદ સ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે.**

જોયું ! આપણાં પ્રારબ્ધનું આપણું દુઃખ ભગવાને ઉડાડી દીધું. ભગવાને પોતાના ગુરુ પાસે માગી લીધું કે, 'સત્સંગીના પ્રારબ્ધમાં લખેલું હોય કે એક વીંછીનું દુઃખ આવે તો તે મને આવો, પણ સત્સંગીને ના આવો.' ભગવાને આપણાં સૌનાં પ્રારબ્ધનું દુઃખ ઉડાડ્યું ને ખાધા-પીધા, કપડાંલત્તાંનું સુખ આપ્યું.

**માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહીં. તોય પણ પદાર્થ નાશવંત છે, માટે એ પદાર્થની ઈચ્છાએ સત્સંગ કરે તો એને નિશ્ચયમાં સંશય થયા વિના રહે જ નહીં. માટે સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, તો અડગ નિશ્ચય થાય.' ઈત્યાદિક ઘણીક વાર્તા તો કરી છે પણ આ તો દિશમાત્ર લખી છે.**

મહારાજે છેલ્લે એ કહ્યું કે, સત્સંગ કરવો એ તો નિષ્કામપણે, પોતાના જીવના કલ્યાણને અર્થે જ કરવો; તો અડગ નિશ્ચય થાય. એવો નિશ્ચય અડગ રાખવો કે, આ સત્સંગ કરું છું, સેવા કરું છું, ભક્તિ કરું છું તે કેવળ ને કેવળ મારા પ્રભુ રાજી થાય એટલે જ કરું છું. એમને રાજી કરવાનો જો નિશ્ચય અડગ હશે તો ભગવાન કહે, બધી પ્રકારે અમે એમને સુખિયા કરીશું, કરીશું ને કરીશું; આપણને એમનું વરદાન છે !


સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

આ સત્સંગ કરું છું, સેવા કરું છું, ભક્તિ કરું છું
તે કેવળ ને કેવળ મારા પ્રભુ રાજી થાય એટલે જ કરું છું.
એમને રાજી કરવાનો જો નિશ્ચય અડગ હશે તો ભગવાન કહે,
બધી પ્રકારે અમે એમને સુખિયા કરીશું, કરીશું ને કરીશું.



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**હે પરાત્પર** પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામી ! આજનો આ મંગલ દિવસ આપના પ્રતિ કૃતજ્ઞભાવ વ્યક્ત કરવાનો દિવસ છે. આજના મંગલપર્વનું માહાત્મ્ય વિચારતાં આપે સમગ્ર માનવજાત ઉપર અને વિશેષ રૂપે આત્મદર્શન કરવાની અભિપ્સા સેવતા સૌ મુમુક્ષુઓ ઉપર કૃપા કરી છે તેનો અહોભાવ વ્યક્ત કરવાનું પર્વ છે. સનાતન શુદ્ધ ઉપાસના – અક્ષર અને પુરુષોત્તમ, બ્રહ્મ અને પરબ્રહ્મ, આત્મા અને પરમાત્માની ઉપાસનાનું સ્થાપન કરી, શાશ્વતકાળ સુધી તે ઉપાસના દ્વારા સાધકો પોતાની આત્મશુદ્ધિ કરી પરબ્રહ્મને આતમે ધારી બ્રહ્મરૂપ થઈ શકે તે માટે ગુણાતીતને દીક્ષા આપી તે સ્મૃતિ કરી ધન્યતાનો અનુભવ કરવાનો દિવસ...



**હે સ્વામી !**

આપ તો અનાદિના અક્ષરબ્રહ્મ... શ્રીજી આપને સાથે લાવ્યા. આપે બાલ્યકાળમાં જ આપનો શ્રીજી સાથેનો અનાદિનો સંબંધ છે તેનું દર્શન કરાવ્યું.
ખૂબ નાના હતા... આપે મા પાસે દૂધ માગ્યું.
મા કહે, 'બેટા ! ઠાકોરજીને ધરાવીને આપું છું.'
'ના મા ! ખૂબ ભૂખ લાગી છે હમણાં જ આપો !'
મા ના પાડે ને આપે આગ્રહ રાખ્યો...
મા ન માન્યાં તો આપે કહ્યું, 'મા ! અમને દૂધ આપો અમારી ભેળા ઠાકોરજી પણ પીવે છે.' માએ આપને દૂધ આપ્યું આપે ગ્રહણ કર્યું. મા ઠાકોરજીનાં દર્શને ગયાં તો જોયું લાલજીના મુખ પર હોઠ દૂધથી ભીના હતા. માને ત્યારે આપ અને ઠાકોરજી એક છો તેનું દર્શન થયું.
તે જ રીતે એક દિવસ માને આપે કહ્યું,
'મા ! આજે જનોઈનાં ગીતો ગાવ !'
આજે બાલ ઘનશ્યામને જનોઈ દેવાઈ રહી છે.
આવી હતી તમારી અને શ્રીજીની એકતા.
આપે શ્રીજીને અખંડ ધાર્યા.
તેઓનું અને આપનું અદ્વૈત રચાયું.

સ્વામી અને નારાયણ એક થયા.
આપ શ્રીજીમાં સંપૂર્ણ સમાઈ ગયા.
આપની પ્રતિપળની ક્રિયા નિર્ગુણ બની.
કેવળ શ્રીજીની પ્રસન્નતાર્થે જ આપે જીવી બતાવ્યું.
આપે સાધનાનો એક આદર્શ સ્થાપ્યો.
આ ધરા પર આત્મશુદ્ધિ કરી પરમાત્માને
અખંડ ધારવા માટેની સાધના માટેનો આદર્શ સ્થાપ્યો.
ક્ષણ પણ મૂર્તિથી અળગા ન રહે
પ્રતિક્ષણ પ્રભુની પ્રસન્નતા માટે જીવે
સર્વત્ર સર્વમાં પ્રભુપરમનાં દર્શન કરે
સંબંધમાં આવે તે સૌનું રૂડું કરે
સંબંધવાળા સૌને કેવળ પ્રભુના ભાવથી જુએ
સંબંધવાળા સૌનાં ચૈતન્યોની રક્ષાનું અનુસંધાન રાખે
સૌનો પરમતત્ત્વ સાથેનો સંબંધ દઢ કરાવતા રહે
સૌના દોષ ટાળે અને સુખી કરે
તેવી ગુણાતીત અવસ્થાનું દર્શન આપે કરાવ્યું અને
તેવી ગુણાતીત સાધુતાના ધારક એવા સત્પુરુષ દ્વારા
આપ આ ધરા પર શાશ્વત રહ્યા તે સમગ્ર
માનવજાત પર ઉપકાર કરી અને
આપે અમ સૌને ધન્ય કર્યા છે !

**સ્વામી !**

આપે આપનાં જ દિવ્ય સ્વરૂપો ભગતજી મહારાજ–
જાગા સ્વામી – અદાશ્રી – શાસ્ત્રીજી મહારાજ – યોગીજી મહારાજ
દ્વારા પ્રગટ રહી અને તે સાધનાને અવિરત ચાલુ રાખી છે...
આજે આનંદ એ વાતનો છે સ્વામી ! આપ કાકાજી–પપ્પાજી
પ્રમુખ સ્વામીજી–હરિપ્રસાદ સ્વામીજી–અક્ષરવિહારી સ્વામીજી
મહંત સ્વામીજી અને પ્રત્યક્ષ ગુરુદેવ સાહેબ દ્વારા
પ્રગટ અને પ્રત્યક્ષ રહ્યા છો.



સાહેબની આ હીરક જયંતીનું વર્ષ છે.
તેઓ સાથે અમને જોડીને... તેઓના આશ્રયે સાધના કરી
ગુણાતીતભાવને... આપના પરમ ભાવને – પામી શકાય
તે માર્ગ તેઓ દ્વારા અમ સૌ વ્રતધારી ભાઈઓ માટે ખુલ્લો મૂક્યો છે.
આજે યોગીબાપાનું સ્મરણ કરું છું જેઓએ પોતાના

સ્વમુખે અમને આદેશ આપ્યો... 'જશુભાઈ સાહેબની આજ્ઞામાં રહેજો... એકાંતિક ધર્મ સિદ્ધ થઈ જાશે...' આ વચનોનું મૂલ્ય અમારે માટે ઘણું છે... તે મુજબ જીવન જીવવા માટે અમારા માટે વ્રતધારી ભાઈઓની નવી પાંખનું સર્જન તેઓના સંકલ્પે થયું.
કાકા-પપ્પા-બાને પણ આજે વંદન સાથે
કૃતજ્ઞભાવ અર્પણ કરવાનું મન થાય છે...
જેઓએ બાપાના આ સંકલ્પની સ્પષ્ટ સમજ આપી
સાહેબનું માહાત્મ્ય સમજાવી અમને આ દિવ્યતાના પથ પર
ચાલી આત્મકલ્યાણ સાધી લેવા બળ સિંચ્યાં.

**સ્વામી !**

શ્રી ગુણાતીતને શ્રીજીએ ડભાણમાં દીક્ષા આપી તે જ
મહામંગલપર્વે પ.પૂ. સાહેબના આશ્રયે સાધના કરી
આત્મશ્રેય સાધવા ને જીવમાં પ્રભુ ધારી પ્રતિપળ
પ્રભુપરમની પરાભક્તિ કરવા માટે અમને દીક્ષિત કર્યા
તેનું અમ સૌ વ્રતધારી ભાઈઓને ગૌરવ છે !
આજે આ મહામંગલપર્વે અમારી એક જ પ્રાર્થના છે... સ્વામી !
આપ અને શ્રીજીનું અદ્વૈત એ આ ધરા પરનું મંગલ છે
તે મંગલના માહાત્મ્યને અંતરે ધારીએ.
તે મંગલને અંતરે ધારી તદ્રૂપ થયેલાં પ્રત્યક્ષ ગુણાતીત
સ્વરૂપોનાં માહાત્મ્યને હૃદયે સ્થાપીએ.
આ જોગ આ સમાગમ આ સમજણ પ્રાપ્ત થયાં છે
તેનું ગૌરવ કરી આતમને પરમાતમરૂપ કરવાની
સાધના કરી લેવા ગંભીરતા ધારણ કરીએ.
અમારાં અહં છોડીએ... નમ્રભાવે દાસત્વ ધારણ કરી
સેવા કરી લઈએ.
અંદરોઅંદર સુહૃદભાવ વધારીએ... અન્યોન્યના
ગુણ જોઈ સમર્થન કરીએ ને અમારા ગુણોનું સંવર્ધન કરીએ.
સૌમાં આપને જોઈ અને વ્યવહાર કરીએ
તે માટે અમને શક્તિ આપો ! પ્રજ્ઞા આપો !
આપનારૂપ થવાની સાધનામાં સ્વામી ! આપ
અખંડ અમારી સાથે રહો ને પગલે પગલે પ્રકાશ કરો !
અમને આપમાં સમાવી લો... આપના રૂપ બનાવી દો !
અમારાં સમગ્રનો લય કરો... કેવળ આપ જ રહો ! સ્વામી !

◆



**એકાન્તિક** ધર્મની સિદ્ધિ માટે
આજ્ઞા અને ઉપાસના બે પાંખો !
આજે વસંતપંચમી
શ્રીજીની આજ્ઞા 'શિક્ષાપત્રી'નું પ્રાગટ્ય
પોતાના આશ્રિતોને જીવનનાં આચરણ કેવાં
પળેપળે જાગ્રતતા કેવી
શું ઇષ્ટ ને શું અનિષ્ટ...
શું છોડવું...
શું આવકારવું...
તે માટેની આજ્ઞાનો ગ્રંથ 'શિક્ષાપત્રી'
બીજી અગત્યની પાંખ તે ઉપાસના.
અક્ષરરૂપ થઈ પુરુષોત્તમરૂપ થવા
બ્રહ્મ થઈ પરબ્રહ્મમાં એકાકાર થવા
શુદ્ધ ઉપાસના જોઈએ.
યુગલ ઉપાસના એ શુદ્ધ ઉપાસના
તેનું પ્રવર્તન કર્યું શાસ્ત્રીજી મહારાજે
શાસ્ત્રીજી મહારાજ પણ વસંત પંચમીએ પ્રગટ્યા.



**હે મહારાજ !**

આપે જે હેતુ માટે આશ્રિતોને 'શિક્ષાપત્રી' આપી
તે હેતુ અનુસાર અમારું જીવન બને
આપની આજ્ઞા અમારું જીવન બને... અને
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આ બ્રહ્માંડમાં પધારી
શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તન કર્યું
તે ઉપાસના દઢ થાય
અને આજ્ઞા અને ઉપાસનામાં દઢ રહી
એકાન્તિક ધર્મ સિદ્ધ કરવા
અમ સૌને શક્તિ સમજ આપો
આપની કૃપાના યશભાગી બનાવો.

◆



**૨૧.૧.૨૦૦૦, પોષી પૂનમ**

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

**વસંતપંચમી, ૨૨.૧.૯૯**

સ્વામિશ્રીજી



# અનુપમની હે અમૃતધારા...!

~ **સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા**
**'સંવાદિતા પર્વ', કારતક સુદ બીજ, ભાઈબીજ**
**૩ નવેમ્બર ૨૦૨૪, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**સર્વ** પરિવારજનોનો આજના આ પારિવારિક સુસંવાદિતા પર્વ સંમેલનમાં પધારવા બદલ અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. અને સદ્‌ગુરુ મનોજદાસજીએ પારિવારિક સંવાદિતાની જે વાત કરી છે તે મન પર લઈને, આખા વર્ષ દરમિયાન નાનો નાનો પ્રયત્ન કરીને આપણે આપણા પરિવારમાં એવી સુસંવાદિતા સ્થાપી, ગુરુહરિ સાહેબદાદાનો રાજીપો પ્રાપ્ત કરીએ એવો રૂડો સંકલ્પ કરીને નૂતનવર્ષની શુભ શરૂઆત કરીએ છીએ.

'Good Parenting' કરવામાં પરિવારનાં વડીલો દ્વારા પોતાના પરિવારને સંભાળવા માટે સજાગતાપૂર્ણ ને ગંભીરતાપૂર્વકની ફરજ બજાવવામાં જે ચૂક રહી ગઈ છે એની આપણે નવેસરથી શરૂઆત કરીશું. આ વાત કંઈ નવી નથી. આપણી વૈદિક પરંપરાઓએ, આપણાં શાસ્ત્રોએ, આપણા સંતોએ અને વિશેષ કરીને ઈષ્ટદેવ તરીકે આપણા ભગવાનનાં સ્વરૂપોએ આ વાત સમજાવી છે. માત્ર લોહીના સંબંધથી કે સગપણથી જોડાયેલી પાંચ વ્યક્તિઓનો સમૂહ એ પરિવાર નથી. એક છત હેઠળ રહેનારાં આપણે સૌ મનથી કેટલાં બધાં નોખાં છીએ અને એકબીજાંથી કેટલાં બધાં દૂર છીએ તેની ગંભીરતા પણ સમજીએ. અને ત્યારે હું એક સનાતન સિદ્ધાંતની આપ સર્વને વાત કહેવાનો મોકો લઉં છું.

આ સંસારની કે આખી સૃષ્ટિની વાત આપણે નથી કરતા, પણ 'સારે જહાઁ સે અચ્છા, હિન્દુસ્તાઁ હમારા'ની વાત કરીએ. અને એમાં પણ આપણે ગુજરાત અને કાઠિયાવાડના ગામઠી ગુજરાતીઓ સાથેના સંબંધોથી બંધાયા, જોડાયા; તો એ પૂર્વની આપણી કંઈક લેણદેણ છે. કેટલાંકને આપણે ઓળખીએ છીએ, કેટલાંક આપણને ઓળખે છે અને કેટલાંકની સાથે આપણને ઘરોબો ને સુવાણ તથા સુસંવાદિતાનો સુખદ અનુભવ પ્રાપ્ત થાય છે. આ વર્ષ પૂરું થાય છે ત્યારે ચોપડામાં એનો પણ હિસાબ કરવાનો સમય છે. આપણને જેઓ મળ્યા છે તેમને સહર્ષ સ્વીકારીને, એમની જોડે આનંદપૂર્વક જીવી લઈએ. આનંદપૂર્વક કેવી રીતે જીવવું તે માટે દેવોના દેવ એવા મહાદેવ આપણને બહુ જબરજસ્ત પ્રેરણા આપે છે.

શિવ પરિવારનું ચિત્ર આપ સૌએ જોયું હશે. હું અત્યારે બોલું ત્યારે તમે આંખો બંધ કરીને એની કલ્પના કરજો. મહાદેવજી બેઠા છે. બાજુમાં પાર્વતીજી છે. એમની સામે શિવજીનું વાહન નંદી છે, પાર્વતીજી એમનું વાહન સિંહ લઈને બેઠાં છે. તેમના બે પુત્રો એક કાર્તિકેય છે, બીજા ગણપતિ છે. એકનું વાહન ઉંદર છે, બીજાનું વાહન મોર છે. મહાદેવે પોતે ગળામાં નાગની માળા વીંટી છે ને માથામાંથી ભાગીરથી સતત વહેતી રહે છે. આપણે આ જે કલ્પના કરી એ મૂર્તિનું નામ છે શિવ પરિવાર ! સંવાદિતા લાવવા માટે અનેક પ્રકારની વિવિધતાઓ, વિસંગતતાઓની વચ્ચે પણ શિવજીની મૂર્તિને તમે જુઓ. આપણે એમને સ્મશાનના દેવ કહ્યા છે. એમને પરિવાર હતો, પણ તેઓએ યોગ સાધ્યો હતો અને સ્મશાનમાં બેસીને શાંતિથી સમાધિ લગાવી શકતા એટલે એમણે સાંખ્ય પણ સાધ્યો હતો. કાર્તિકેયના મોરનું ધ્યાન શિવજીના ગળાના નાગ ઉપર છે; હમણાં નાગ નીચે ઊતરે તો ! નાગ અને મોરને કેવી લડત છે એ આપણને ખબર છે. એની સાથે સાથે ઉંદર પણ નાગનો ખોરાક છે. મહાદેવજીનું વાહન છે પોઠિયો અને પાર્વતી માતાનું વાહન છે હિંસક પ્રાણી. આ બધાંની વચ્ચે પણ શિવજી પલાંઠી વાળીને નિરાંતે બેઠા હોય અને શીતળતાના રૂપ એવી ભાગીરથી માથામાંથી વહેતી હોય; એ પારિવારિક સુસંવાદિતાનું કેટલું મોટું દૃષ્ટાંત છે !

સુમેળતા, સુસંવાદિતા, સહૃદયતા – એ ખૂબ ઊંચા ને ગંભીર શબ્દો છે, પણ પશુવૃત્તિમાંથી માણસ બનવું, માણસે માણસાઈથી જીવતા શીખવું અને દેવતાઈ પદ પામવા દૈવીગુણોની સંપદા વધારવી; એ દિવાળી પર્વોના

ઉત્સવનું મૂળભૂત રહસ્ય છે. અજ્ઞાન અને અંધકાર ટાળનારું, જ્ઞાન અને પ્રકાશ પાથરીને દીવાઓ પ્રગટાવવાનું આ પર્વ, તો એની સાથે સાથે માત્ર પરિવારનાં ભાઈ-બહેન માટેનું જ આજે પર્વ નથી, પણ સૌ બહેનો પણ એવી માતૃશક્તિ બની શકે છે કે, જેને સાસરિયાં-પિયરિયાંનો ભેદ મટી જાય છે. પરિવારની અંદર કજિયો, કકળાટ, કંકાસ, વિસંવાદિતા; આ બધું ભેદદષ્ટિથી આવે છે. મારા પ્રભુના સંબંધથી, ગુરુના સંબંધથી જીવતાં થવા પહેલાંની આ પ્રાથમિક ટ્રેનિંગ છે કે, મારાં જેની સાથે શુભ લગ્ન થયાં છે અને જે પરિવારમાં હું પુત્રવધૂ બનીને આવી છું ત્યારે સહજતાથી, સરળતાથી એ પરિવારમાં મારે ગોઠવાવાનું છે. અને એ માટેની શક્તિ ઈશ્વરે સ્ત્રીને આપી છે. કાકી, મામી, માસી, ફોઈ; એક જ સ્ત્રી, એક જ પાત્ર આટલું બધું બની શકે છે. જેવું પાત્ર સામે આવે એ પ્રકારનો એ પોતાનો પ્રેમ, સ્નેહ, વાત્સલ્ય, હૂંફ, કરુણા એની પર વરસાવી શકે છે. પણ એ ત્યારે વરસાવી શકાય કે જ્યારે તે ગમતું-ના ગમતું, પોતાનું-પારકું; એનાથી ઉપર ઊઠી જાય!

ઘણા પરિવારો ચોથી પેઢીનાં સંતાનો સાથે સુસંવાદિતાથી રહે છે તેનો અહીંયાં ઉલ્લેખ થયો, પણ એની સાથે સાથે આપણાં ૪થી ૧૪ વર્ષની ઉંમરનાં દીકરા-દીકરીઓના ભવિષ્ય માટે આવા સાધુ ચિંતિત થઈને આપણને પરિવારજીવનની જ્યારે વાત કરે છે ત્યારે આપણી જવાબદારી પણ વધી જાય છે. અને એમાંય વિશેષ કરીને આપણે અનુપમ મિશનના સત્સંગી, ગુરુહરિ સાહેબદાદાના સત્સંગી અને છતાં જો આપણા પરિવારની અંદર આપણે હજુ આ મૂળભૂત વાતનાં બી વાવી શક્યાં ના હોઈએ તો એની લણણી તો ક્યાંથી થઈ શકશે? હવે પછીનો સમય આપણી સામે, પરિવારજીવનની સામે ચૅલેન્જિસના રૂપમાં આવી રહેવાનો છે.

અત્યારે જેમ બધાં ઑનલાઇન ખરીદી કરતાં થયાં છે. પણ વેપારી અને ગ્રાહક વચ્ચેનો સંબંધ, એ મીઠાશ, પ્રેમ, આવકાર, એકબીજાંની ઓળખાણ હોય કે ના હોય પણ ત્યારે એ એમ કહેશે કે, 'પૈસા ના હોય તો વાંધો નહીં, પર્વનો દિવસ છે તો લઈ જાવ અને સગવડ થાય ત્યારે આપી જજો.' ઑનલાઇનવાળો એવું કહેતો નથી. પૅમેન્ટ પહેલું ભરો પછી ઘેર ડિલિવરી આવે છે. તો ક્યાં ચુકાતું જાય છે, ક્યાં ભુલાતું જાય છે ? અને એમાંય આપણે જ્યારે ભગવાનને લઈને બેઠા હોઈએ ત્યારે તો આપણી જવાબદારી એનાથી પણ વિશેષ અને ગંભીર બને છે. તો, આ મંગલપર્વે ગુરુહરિ સાહેબદાદા ને શ્રી ઠાકોરજી પાસે એવા રૂડા આશીર્વાદ મેળવીએ કે, પોતાની આસપાસનાં ને પોતાના ઘરનાં પાત્રોથી આપણે આ પ્રકારે જીવવાનો પ્રયત્ન શરૂ કરીએ. મને મળ્યું એ ભગવાનનું પરમતત્ત્વ મારા ઘરમંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજીમાં અને મારી સાથે રહે છે એ પરિવારનાં સભ્યોમાં રહ્યું છે. એમના માટેનો વિચાર, એમની સાથેનો વાણીનો વ્યવહાર અને એમની સાથે રોજિંદો વ્યવહાર મારો આ ભાવથી થાય તો સાહેબદાદા સુધી પહોંચવાનો રસ્તો બહુ સહેલો બની જાય છે. પારિવારિક સુસંવાદિતાનું આ પર્વ આપણે અનુપમ મિશનમાં આ ભાવનાથી જો કરીશું તો અષ્ટલક્ષ્મી પણ આપણી ઉપર સર્વ પ્રકારે કૃપા વરસાવશે.

દિવાળીના મંગલપર્વના પવિત્ર દિવસે ગુરુહરિ પરમ પૂજ્ય સાહેબદાદા સદેહે આપણાં સૌની વચ્ચે પધાર્યા. આપણે ખૂબ ઉમંગથી તેઓનું સ્વાગત અને સન્માન કર્યું. એ ભાવ આપણો ૨૪ કલાક અને ૩૬૫ દિવસ સ્થિર થઈને ટકી રહે તેવી પણ આપણે આજના દિવસે મંગલ પ્રાર્થના કરીએ! એ ભાવ સ્થિર થયો હશે તો આપણને આપણાં નિકટનાં સ્વજનો સાથે, દેહનાં સગાં-સંબંધીઓની સાથે એવાં પ્રેમ અને મીઠાશથી જીવવાની સતત પ્રેરણા ને બળ ગુરુહરિ સાહેબદાદા ને સંતો દેતા રહેશે.

સાધુ મનોજદાસજીએ વૈશ્વિક પ્રશ્નોની સાથે ભારતીય સંસ્કારો ને સંસ્કૃતિ અને એના પાયારૂપ પરિવારની સુદઢતા ને પરિવારમાં ઊછરી રહેલી યુવાનપેઢીની સામે અત્યારે ટૅક્નોલૉજીના માધ્યમથી આવીને ઊભાં રહેલાં જે દૂષણો; એ સઘળી બાબતો ઉપર પ્રકાશ પાડીને આપણને સર્વને ચેતવ્યાં છે. અમે સાધુઓ પણ સંન્યાસ આશ્રમની મર્યાદામાં રહીને એનો સદ્ઉપયોગ કરતાં શીખીએ. પ્રભુની, ગુરુની આજ્ઞા પાળવા ને ભક્તિ માટે એનો ઉપયોગ કરીએ તેવો રૂડો સંકલ્પ કરીએ.

સર્વની સાથે સુમેળતા, સુસંવાદિતા, સહૃદયતા; આમાં એક બહુ મહત્ત્વની બાબત એ છે કે જેને આ વાત સમજમાં આવી એના ભાગે પરિવારમાં સૌથી વધારે સહન કરવાનું આવશે. હું નાનો હતો ત્યારે મેં મારા પરિવારમાં જોયું છે કે મોટાં ભાઈ-બહેનોને મમ્મી હંમેશાં એમ કહેતી કે, 'તમે મોટાં છો, સમજદાર છો ને તમે નથી સમજતાં? એ નાનો છે, નાદાન છે ને એ તો તોફાન કરે.' પરિવારની અંદર જે મોટો છે ને જે સમજદાર છે તેના ભાગે જ સૌથી વધારે સહન કરવાનું આવે છે. પરિવારનાં વડીલો તરફ જ્યારે આપણે દષ્ટિ કરીએ તો ખ્યાલ આવશે કે, એમણે આપણાં માટે કેટલું સહન કર્યું છે, કેટલું જતું કર્યું છે, આપણને કેટલાં સહન કર્યાં છે! ને મોટું મન ને ઉદાર વૃત્તિ રાખીને પરિવારને સુગઠિત કરીને આપણે સૌ સુખી થઈએ એ માટે એમણે એમનાં સુખચેનની કદી ચિંતા કરી નથી.

'સહૃદયતા' એટલે બીજાંને માટે જીવવું, સહન કરવું, જતું કરવું અને જે સારું છે તે બીજાંને આપીને રાજી થવું. આ બધી કથા જાણતા હોવા છતાં પણ આપણે જેટલું કંઈ થાય એટલું જ કરીએ છીએ, છતાંય મોટા પુરુષો ખૂબ અનુગ્રહ કરીને આપણાં ઉપર કૃપા વરસાવી રહ્યા છે! વિ.સં.ના ૨૦૮૧ના વર્ષે આપણે આ કૃપાને એળે ના જવા દઈએ, એને વેડફી ના નાખીએ; એને ધારણ કરીને, ગુરુને, પ્રભુને રાજી કરવા માટે હાંહાંગડથલ પ્રયત્ન કરીએ એ માટેની બુદ્ધિ, શક્તિ અને ભક્તિ આપે તેવી મંગલ પ્રાર્થના!

જય શ્રી સ્વામિનારાયણ! ◆

# Beautiful Sparks of Divine!

~ Saheli Sheth (Peoria, USA)

**Sadguru** Sant Param Pujya Manojdasji once shared a powerful analogy. I wish I could express it as eloquently as He said it, but the essence is this: Imagine you're at the movie theater, watching a film with the villain portrayed by Hrithik Roshan, Shah Rukh Khan, or another actor you admire. After the movie, you step outside, and sure enough – your favorite actor from the movie is right there! What would you do next ?

My guess is that you would be thrilled, run up to them, and ask for a selfie. But here's the million-dollar question: Why wouldn't you get angry at them for their villainous acts in the film? Why not start shouting at Hrithik Roshan or Shah Rukh Khan? After all, they played the bad guy!

The answer is clear: **Because that's just the role they were playing**; it's not who they really are. The actors were simply playing the part written by the scriptwriter and directed by the director.

In the same way, in our lives, **everyone is just playing the role written by the supreme scriptwriter and director: God.** When our children are being annoying, irritating, or disobedient, that is simply the role they have been assigned in that moment. This perspective can apply to children of any age, and even to colleagues, friends, and other loved ones.

When we recognize that God has written the script for each person's dialogues and actions, we begin to see that everyone is merely performing those roles. If God is directing each individual, then it becomes much harder to perceive flaws in anyone. In this way, we can also maintain the perspective of *nirdoshbuddhi*—that they are divine and flawless.

It's a beautiful lesson, but what's the purpose of viewing our kids as instruments of God?

When our child hurts our feelings—snapping at us, showing attitude, being disrespectful, lying, or not listening—we naturally feel anger or hurt. However, these emotions often lead to unproductive reactions, rather than any meaningful behavior change in our child. By using this knowledge to remain calm instead of becoming reactive, we can then teach our kids the skills to act more kindly next time.

This principle of remaining calm was put to the test years ago during a Patotsav at the Peoria Ghar Mandir. My sister and I wanted to surprise our parents by changing Thakorji's *pichhoi* (backdrop). Fifteen minutes before the event started, my parents came downstairs to check on us and were surprised—but not in a pleasant way! The decorations were only half completed, and devotees would start arriving soon.

Initially horrified by how much was still incomplete, my parents quickly remembered Sahebji's teachings. They shifted their perspective with the understanding that God had been working through my sister and me. By seeing us as instruments of His will, rather than as careless or unprepared kids, they remained calm and problem-solved with us, helping us finish the decorations in those last critical minutes. Had they reacted emotionally, we might have still finished the decorations, but it would have been chaotic rather than harmonious. By responding with love, my parents reacted in a way that Sahebji has modeled for us.

To support us in maintaining this *nirdoshbuddhi*, Pujya Manojdasji has encouraged us to dedicate 30 minutes daily to *dhun*, following this prayer: “God, stay with me all day. Inspire me and stay present in my *vichaar, vaani,* and *vartan*. And in anyone who comes into my company today, please stay *pragat* in their *vichaar*, *vaani,* and *vartan* too.” By praying for God to be present in the thoughts, words, and actions of those around us, we can accept that if someone is giving us constructive feedback, it's God speaking through them. And if someone is kind, we know it's God showering us with His love.

I hope to implement this guidance in my life to see the God within everyone—especially those closest to me, where it's easiest to forget this principle. May we all begin our days with this prayer as we walk this journey together, with the ultimate goal of recognizing one another as beautiful sparks of the Divine. ◆

# સંવાદિતામાં જ સુખ છે...

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

***"પરિવાર સાથે તમને રાત્રિભોજન કરવાનું મળે તો પોતાને ભાગ્યશાળી સમજશો."***

*~ સદ્‌ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદા*

મને યાદ છે કે, પહેલાં તો પૂ. અશ્વિનદાદાની આ વાત સાંભળીને મને આશ્ચર્ય થયું. કારણકે, અમારા પરિવારમાં અમે સૌ કાયમ સાથે મળીને જમતાં હોવાથી, અન્યોને પણ પોતાના પરિવારના સભ્યો સાથે મળીને જમવું તે સામાન્ય બાબત હશે તેમ હું માનતી હતી. પછી મને મારા સાઇકોલૉજી ક્લાયન્ટ્સ વિશે અને પરિવાર સાથે તેઓ ગુણવત્તાયુક્ત સમય કેવી રીતે વિતાવે છે તે વિશે જાણવાની ઉત્સુકતા જાગી અને તેઓ તેમના ભોજનનો સમય કેવી રીતે વિતાવે છે તે બાબતે પૂછવાનું મેં શરૂ કર્યું. મને જાણીને આશ્ચર્ય થયું કે, હું જેઓ સાથે કામ કરતી હતી તેવા ૨૫ પરિવારમાંથી માત્ર એક જ પરિવારના સૌ સભ્યો રાત્રિભોજન સાથે લેતા હતા.

પરિવારના સભ્યોને સાથે મળીને ભોજન કરવામાં અનેક તકલીફો હોઈ શકે છે, જેમ કે, દરેકના કામના અલગ અલગ સમય, બાળકો ઘરથી દૂર રહેવાં ગયાં હોય, જીવનસાથીનો સહકાર ના હોય, એકલા રહેતા હોય, કે સતત કામનો બોજો અનુભવતા હોય અને હંમેશાં પ્રવાસમાં હોય. તેમ છતાં, માનસિક સ્વાસ્થ્યને લગતા પ્રશ્નો ધરાવતા આવા ક્લાયન્ટ્સ અને તેઓને પોતાના પરિવાર સાથે પૂરતો સમય વિતાવવા નથી મળતો – આ બંને બાબતો વચ્ચે શું સંબંધ છે તેનો અભ્યાસ કરવો પણ જરૂરી છે.

આથી, જો પરિવાર સાથેનું જોડાણ ના હોવું એ નબળા માનસિક સ્વાસ્થ્ય સાથે સંકળાયેલું હોય, તો તેનાથી ઊલટું પણ એટલું જ સાચું છે. પરિવાર સાથેનું જોડાણ એ પ્રેમની લાગણી, આનંદ અને સારી ઊર્મિઓની અનુભૂતિ માટે અત્યંત મહત્ત્વની બાબત છે. વડીલો તરીકે આપણને આપણાં બાળકો સાથે ગુણવત્તાવાળો સમય વ્યતીત કરવા અને એમની સાથે જોડાણ કરવાની પહેલ કરવાનું સામર્થ્ય હોય જ છે.

સદ્‌ગુરુ સાધુ પ.પૂ. મનોજદાસજીએ પારિવારિક સંવાદિતા સ્થાપવા આપણે શું કરી શકીએ તેના માટેનાં નક્કર પગલાં જણાવી સુંદર માર્ગદર્શન પ્રદાન કર્યું છે.

**૧. દરરોજ એક ભોજન તો સૌ સાથે લો.**

* ભોજન કરતી વખતે જો દરેક વ્યક્તિ ફોનનો ઉપયોગ કરવાનું તથા ટી.વી. જોવાનું ટાળે તો વધુ સારાં પરિણામ પ્રાપ્ત થશે. પારિવારિક સંવાદિતા માત્ર એક છત નીચે રહેવાથી કે એક સાથે બેસીને ભોજન કરવાથી નથી આવતી. પરંતુ, સભાનપણે એકબીજાં માટે સમય આપવાનું નક્કી કરીને તે પ્રાપ્ત થાય છે.

**૨. ભોજન બાદ સૌ ૧૫ મિનિટ 'સ્વામિનારાયણ' મહામંત્રની સમૂહ ધૂનમાં જોડાઓ.**

* પ્રાર્થનામાં એક એવી તાકાત છે કે, માત્ર આ એક જ ઉપાયથી થોડા જ સમયમાં આપણને સકારાત્મક પરિણામો જોવા મળશે.

**૩. તે પછી બીજી ૧૫ મિનિટ માટે, દરેક વ્યક્તિને તેણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન કુટુંબના અન્ય સભ્ય વિશે જે કોઈ સકારાત્મક વાત નોંધી હોય તે જણાવવા માટે આમંત્રિત કરો.**

* આ રીતે બાળકો અને તેમનાં વાલીઓ – બંને એકબીજાંના ગુણ જોવાની ટેવ પાડી શકશે.
* લાંબા ગાળાના લાભ વિશે વિચારીએ તો વર્ષના અંતે, આપણે એકબીજાંના ૩૬૫ સકારાત્મક ગુણો શોધી લીધા હશે!
* જો સકારાત્મક ગુણો વિશે વિચારવું મુશ્કેલ લાગે, તો છેલ્લા ૨૪ કલાકમાં આપણા જીવનમાં બનેલી કોઈ પણ સકારાત્મક ઘટના પણ જણાવી શકાય. જેમ કે, શાળામાં કે મિત્રો સાથેનો કોઈ આનંદદાયક અનુભવ, કામધંધામાં પ્રાપ્ત થયેલી કોઈ ઉપલબ્ધિ, અરે, ખાલી આજના હવામાનની તારીફ પણ કરી શકાય. ૩૬૫ દિવસમાં તો આપણે આપણા વિચારોની પ્રક્રિયા પર તેનો અદ્‌ભુત પ્રભાવ પડતો જોઈને આશ્ચર્યચકિત થઈ જઈશું.

પરિવાર સાથે નિયમિત સમય ગાળવામાં મુશ્કેલીઓ હોઈ શકે છે તે સમજી શકાય તેવી બાબત છે, તેમ છતાં તેને પ્રાથમિકતા આપવી એ કેમ અગત્યનું છે ? જાણીતા TED Talkમાં, જોહાન હરીએ જણાવ્યું કે, આપણે શા માટે વ્યસનનો શિકાર બનીએ છીએ. (સ્માર્ટફોનના વ્યસન સહિત). તેમાં એમણે જે છેલ્લી વાત જણાવી તે મને ખૂબ સ્પર્શી ગઈ:

"વ્યસનનું વિરોધી સ્વરૂપ છે... જોડાણ."

આનો અર્થ એ કે, જો પરિવાર સાથેનું લાગણીસભર જોડાણ આપણને ડિજિટલ ઉપકરણોનાં વ્યસનથી દૂર રાખતું હોય તો પરિવાર સાથેના આવા જોડાણનો અભાવ વ્યસનને પ્રોત્સાહન આપે છે. સાદી ભાષામાં કહીએ તો, જ્યારે બાળકો પરિવારના લોકોથી દૂરી અનુભવે છે ત્યારે તેઓ ડિજિટલ માધ્યમ પર વધુ સમય ગાળે છે અને એમાં વધારે મગ્ન થઈ જાય છે.

પૅરેન્ટિંગ કોચ માર્કો જુહાન્ટે જણાવ્યું કે, 'બાળકોને ઉપકરણોનાં વ્યસનથી બચાવવા માટે આપણી પાસે બે ઉપાય છે :

૧. આપણાં બાળકો સાથે પ્રેમસભર ઊંડું જોડાણ સ્થાપિત કરો.

૨. વાસ્તવિક જીવનને આભાસી જીવન કરતાં વધુ રસપ્રદ બનાવો.

પરિવાર સાથે નિત્ય સમય વિતાવવા બાબતેનાં પૂ. મનોજદાસજીનાં આ ત્રણ સૂચનો આપણને પારિવારિક સંવાદિતા કેળવવા માટેની પ્રેરણા આપે છે. અને જ્યારે પરસ્પર જોડાણ હોય છે ત્યારે પરિવારમાં સંવાદિતા હોય છે. ◆

---

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-ડિસેમ્બર, ૨૦૨૪ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ડિસેમ્બર, રવિવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજનાં દર્શન કરી, વડીલ સાધુ પૂ. ગૌતમદાસજીના આવી રહેલા પ્રાગટ્યદિન નિમિત્તે અમદાવાદમાં તેઓના નિવાસસ્થાને સૌ સંતોને લઈને પધાર્યા અને સૌને બ્રહ્માનંદ કરાવી આશીર્વાદ આપ્યા. સાંજે ગાંધીનગર ટાઉનહૉલમાં યોજેલ સ્વાગતસભામાં પધાર્યા. અમદાવાદ પ્રદેશ અને ઉત્તર ગુજરાત પ્રદેશના સૌ ભક્તોએ સુંદર સ્વાગત કર્યાં, તેઓ સૌના સ્વાગતભાવ ઝીલ્યા. સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી સર્વે કલાકાર અક્ષરમુક્તો ઉપર પ્રસન્નતા વરસાવી. સભામાં વડીલ સાધુ અ.નિ. પૂ. રજનીદાસજીના જીવન આધારિત પ્રકાશિત થયેલ બે ગ્રંથો 'પ્રકાશયાત્રા' અને 'ઉપવન મહિમાનું'નું મુક્તાર્પણ કરી, ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ત્યાંથી દહેગામ અનુપમ સ્વજન વાડીભાઈના ઘરમંદિર 'સાયોમૃત'માં પધારી, દર્શન કરી, મંડળના સૌ સ્થાનિક ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું. મંદિરમાં રાત્રિરોકાણ કર્યું.

**૨ ડિસેમ્બર, સોમવાર...** સવારે 'સાયોમૃત' મંદિરમાં સૌ સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. અનુપમ સ્વજન મહેન્દ્રભાઈ અક્ષરધામ પધાર્યા તે નિમિત્તે તેઓના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી, પત્ની મધુબહેન અને દીકરા મનનને સાંત્વન પૂરું પાડી આશીર્વાદ પાઠવ્યા. સાંજે દહેગામ 'સાયોમૃત' મંદિરેથી સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈ, રાત્રે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૩ ડિસેમ્બર, મંગળવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર બિરાજમાન રહી સ્થાનિક તથા બહારગામથી પધારેલ અક્ષરમુક્તોને મુલાકાત આપી સત્સંગલાભ આપ્યો.

**૪ ડિસેમ્બર, બુધવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે 'તીરથ'માં સંતોની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી યુ.એસ.એ.ની ધર્મયાત્રાએ પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. રવિદાસજી અને યુ.કે. પધારતા વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. ગૌતમદાસજી અને પૂ. નીરવદાસજીને વિદાયની શુભેચ્છાઓ સાથે આશીર્વાદ આપ્યા.

**૫ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. જે ભક્તોની લગ્નતિથિ હતી, જન્મદિવસ હતા, તેઓ સૌને આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં સંધ્યા આરતીમાં પધારી દર્શન-પ્રાર્થનાનો લાભ લઈ, યુ.એસ.એ. પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સાધુ પૂ. રવિદાસજીને તેમજ યુ.કે. પધારતા વડીલ સાધુ પૂ. દિલીપદાસજી અને સાધુ પૂ. નીરવદાસજીને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. યુ.કે.થી પધારેલ રાકેશભાઈ-જાનકીબહેન, કેનેડાથી પધારેલ ધર્મિષ્ઠાબહેન અને યુ.એસ.એ.થી પધારેલ હર્ષભાઈનાં સ્વાગત કર્યાં.

**૬ ડિસેમ્બર, શુક્રવાર...** મંદિરજીમાં સંધ્યા આરતીમાં પધારી દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. હરિદ્વારથી પધારેલ શ્રી ભાગવત કથાકાર પૂ. મોહિતશરણજી મહારાજનાં સ્વાગત-સત્કાર કર્યાં.

**૭ ડિસેમ્બર, શનિવાર...** સાંજે સૌ સંતો-ભક્તો સાથે 'વર્ણીકુંજ'માં બિરાજી, વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન ઉપર BAPS કાર્યકર 'સુવર્ણ મહોત્સવ'નું જીવંત પ્રસારણ નિહાળ્યું.

**૮ ડિસેમ્બર, રવિવાર...** સવારે 'પારમિતા' સભાખંડમાં અંકલેશ્વર નિવાસી રાજેશભાઈ-મીરાંબહેનના સુપુત્ર ચિ. ધ્યાન અને તલોદ નિવાસી બિપિનકુમાર-મૂર્તિબહેનની સુપુત્રી ચિ.

પ્રાર્થનાનાં લગ્નની મહાપૂજામાં પધારી નવદંપતીને તથા મહાપૂજામાં પધારેલ સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'વર્ણીકુંજ'માં યુ.કે.નિવાસી વિજયકુમાર-દર્શનાબહેનના સુપુત્ર અ.નિ. રોનકભાઈના અસ્થિકુંભના મહાપૂજા યજ્ઞમાં પધારી આશીર્વાદ આપ્યા

**૯ ડિસેમ્બર, સોમવાર...** સાંજે બાકરોલ ખાતે અનુપમ વડીલ માવતર શાંતિમામાના ઘરે પધારી, તેઓના નિરામય સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થના કરી, આશીર્વાદ પાઠવ્યા. રાત્રે વલ્લભવિદ્યાનગરમાં અ.નિ. વ્રજેશભાઈ-પારુલબહેનના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ ડિસેમ્બર, મંગળવાર...** સવારે 'અક્ષરમહોલ'માં અ.નિ. હરિકૃષ્ણભાઈ ગોગારીની ત્રયોદશીની મહાપૂજામાં પધારી, પ્રાર્થનાઓ કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ મંદિરજીમાં રાજભોગ આરતીનો લાભ લઈ, સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. ન્યૂઝીલૅન્ડથી પધારેલ જ્હૉનુભાઈ-અમિતાબહેન, યુ.એસ.એ.થી પધારેલ ડૉ. યતીનભાઈ, ભરતભાઈ આદિનાં સ્વાગત કર્યાં.

**૧૧ ડિસેમ્બર, બુધવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થનાનો લાભ લીધો. ત્યારબાદ સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. યુ.એસ.એ.થી પધારેલ ડૉ. વ્રજેશભાઈ પરીખ-ડૉ. નયનાબહેનને આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે નર્મદા નદીના કિનારે પોઇચા ખાતે આવેલ રેવા રિસૉર્ટમાં વિજયકુમાર-દર્શનાબહેનના સુપુત્ર અ.નિ. રોનકભાઈનાં અસ્થિવિસર્જનની મહાપૂજામાં પધારી પ્રાર્થનાઓ કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. રેવા રિસૉર્ટના માલિક મુક્તરાજ શ્રી ઇન્દ્રવદનભાઈ તેમજ યુ.કે. નિવાસી મુક્તરાજ યોગેન્દ્રભાઈ-મીનુબહેનનાં અભિવાદન કરી આશીર્વાદ પાઠવ્યા. બપોરે વેમાર ઉપાસના ધામ મંદિરે પધાર્યા. સાંજે મંદિરમાં યોજેલ સભામાં આશીર્વાદ પાઠવી, સંધ્યા આરતીનો લાભ લઈ, વેમાર મંદિરેથી સૌ ભક્તોની વિદાય લઈને રાત્રે બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા.

**૧૩ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે 'પારમિતા' સભાખંડમાં આણંદ નિવાસી મહેન્દ્રભાઈ-ગીતાબહેનના દીકરા હર્ષ-વિશ્વાનાં લગ્નની મહાપૂજામાં પધારી નવદંપતીને તથા પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ ડિસેમ્બર, શનિવાર...** વહેલી સવારે ૪૦ જેટલા સંતો-ભક્તો સાથે અમદાવાદ ઍરપૉર્ટ પરથી ફ્લાઇટમાં દેહરાદૂન પ્રતિ પ્રયાણ કર્યું. દેહરાદૂનમાં સાધનાબહેન-રાજારામભાઈના ઘરે સૌ સંતો-ભક્તોને સાથે લઈને પધરામણી કરી, સભામાં સૌને આશીર્વાદ આપ્યા. ત્યાંથી પ્રવીણભાઈ લાડ (યુ.કે.)ના આમંત્રણથી ઋષિકેશમાં શ્રી સ્વામિનારાયણ આશ્રમમાં પધાર્યા. સાંજે તાજ હૉટેલ પિલિભિતમાં પધાર્યા. રાત્રે ગોષ્ઠિસભામાં લાભ આપ્યો.

**૧૫ ડિસેમ્બર, રવિવાર...** સવારે 'ચંડીઘાટ' પર સાધુ પૂ. ઉત્પલદાસજી અને પૂ. સરજુદાસજી દ્વારા અ.નિ. રોનકભાઈનાં અસ્થિ વિસર્જનની મહાપૂજા સંપન્ન થઈ. આ પ્રસંગે પતંજલિ યોગપીઠમાંથી સાધુ પૂ. બજરંગદાસજી પધાર્યા. અ.નિ. રોનકભાઈ તથા અ.નિ. વિમળાબાનાં અસ્થિપુષ્પ કુંભનું પૂજન કરી પવિત્ર ગંગા નદીમાં વિસર્જન કરવામાં આવ્યું. ત્યાંથી પૂ. કેશવાનંદ સ્વામીની શક્તિપીઠ-મંદિરમાં પધારી, દર્શન કર્યા બાદ મહંતશ્રી પૂ. હરિવલ્લભસ્વામી અને પૂ. આનંદસ્વામીના આમંત્રણથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શનાર્થે પધાર્યા. નૂતન મંદિર અને સંત આવાસની જગ્યા પર પધારી ધૂન-પ્રાર્થના કરી. સાંજે હરકી પૌડીમાં મા ગંગાજીની આરતીનાં દર્શનનો લાભ લીધો. ત્યાંથી વાલિયાસાહેબના દીકરા વિવેકભાઈના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. રાત્રે હૉટેલ પર પધારી સૌ સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૬ ડિસેમ્બર, સોમવાર...** સવારે હૉટેલ એકાંતામાં યોજેલ સભામાં પધાર્યા. સભામાં આચાર્ય પૂ. બાલકૃષ્ણજીનાં સ્વાગત કર્યાં તથા તેઓશ્રીના આશીર્વાદનું શ્રવણ કર્યું. સાંજે આચાર્ય પૂ. બાલકૃષ્ણજીના આમંત્રણથી તેઓના કનખલ નિવાસસ્થાનમાં તેમજ પતંજલિના જૂના આશ્રમમાં પધરામણી કરી, આશીર્વાદ અને ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે હૉટેલ પર સૌ મુક્તોને બ્રહ્માનંદ કરાવ્યો.

**૧૭ ડિસેમ્બર, મંગળવાર...** સવારે પ્રાતઃ પૂજામાં સૌ ભક્તોને લાભ આપ્યો. વિદાયવેળાએ હૉટેલના સ્ટાફને અભિનંદન સાથે આશીર્વાદ પાઠવી દેહરાદૂન ઍરપૉર્ટ તરફ પ્રયાણ કર્યું. ઍરપૉર્ટથી ફ્લાઈટમાં દિલ્હી પ.પૂ. ગુરુજીના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધાર્યા. દિલ્હી મંદિરે દીપ પ્રગટાવી સૌએ ભવ્ય સ્વાગત કર્યાં. પ.પૂ. ગુરુજીનું નિરામય સ્વાસ્થ્ય નિહાળી સૌ સેવક સંતો-ભક્તોને વિશેષ અભિનંદન પાઠવ્યાં. મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી. રાત્રે સ્વાગતસભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા, સભા બાદ સૌને ગોષ્ઠિનો બ્રહ્માનંદ કરાવ્યો.

**૧૮ ડિસેમ્બર, બુધવાર...** સવારે દિલ્હી મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં. પ.પૂ. ગુરુજી અને સંતો-ભક્તો સાથે ગોષ્ઠિ કરી બ્રહ્માનંદ કર્યો. પ્રસાદ ગ્રહણ કરી દિલ્હી ઍરપૉર્ટથી નીકળી રાત્રે વડોદરા ઍરપૉર્ટ ઉપર સ્થાનિક ભક્તોના સ્વાગતભાવ ઝીલી બ્રહ્મજ્યોતિ પધાર્યા. સૌ સંતો-ભક્તોએ ભાવથી સ્વાગત કર્યાં, સૌને બ્રહ્માનંદ કરાવ્યો.

**૧૯ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો, સભામાં કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. કાનમ પ્રદેશથી પધારેલ સૌ ભક્તોને આવકાર્યા. વડોદરામાં આવી રહેલા 'શ્રી ભગતજી તીર્થ મહોત્સવ'નાં નિમંત્રણ કાર્ડનું પૂજન કર્યું તેમજ આશીર્વાદ પાઠવ્યા. ઑસ્ટ્રેલિયાથી પધારેલ બીનાબાનું સ્વાગત કર્યું. સાંજે મધુભાન રિસૉર્ટમાં શ્રી પ્રયાસવિનભાઈ-તરુબહેનની દીકરી ચિ.ઐશ્વર્યા-ચિ.વિનયના પ્રિવૅડિંગ રિસેપ્શનમાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૦ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી દર્શન-પ્રાર્થનાનો લાભ લઈ, સભામાં કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સોખડા અને સણિયા ગામના ભક્તોને સત્કારી, દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૧ ડિસેમ્બર, શનિવાર...** બપોરે યુ.કે.થી પધારેલ હિતેનભાઈ ધોકિયા-જોશનાબહેનને સપરિવાર સત્કાર્યા તેમજ દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૨ ડિસેમ્બર, રવિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે વિશ્વ લોહાણા સમાજના પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠલાણી અને મિત્રોને સત્કારી, ગોષ્ઠિનું સુખ આપ્યું. રાત્રે 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ ડિસેમ્બર, સોમવાર...** સાંજે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીબાપા સ્મૃતિદિન કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ ડિસેમ્બર, મંગળવાર...** યુ.એસ.એ.થી પધારેલ ચિરાગભાઈને મુલાકાત આપી ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૨૫થી ૩૧ ડિસેમ્બર, બુધવારથી મંગળવાર...** ઠંડીના કારણે વાયરલ ઈન્ફેક્શનની ફેફસાંમાં અસર જણાઈ. જેને કારણે સઘળા રિપોર્ટ્સ કઢાવવા તથા યોગ્ય મોનિટરિંગ સાથે વ્યવસ્થિત દવાઓ આપી શકાય તે હેતુથી નિષ્ણાત ડૉક્ટરોની સલાહ મુજબ મૅડિકલ નિરીક્ષણ હેઠળ સ્વાસ્થ્યલાભ મેળવવા માટે શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદમાં દાખલ થયા. ચારુતર આરોગ્ય મંડળના ચૅરમૅનશ્રી અતુલભાઈ, સૅક્રેટરીશ્રી અમિતભાઈ તથા ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ, ડૉ. સમીરભાઈ પટેલ, ડૉ. જિતેશભાઈ, ડૉ. ધવલભાઈ પ્રજાપતિ અને હૉસ્પિટલના રૅસિડન્ટ ડૉક્ટર્સની ટીમ દ્વારા રાત-દિવસ કરાયેલાં જતન, યોગ્ય સારવાર તથા પરિશ્રમને પરિણામે પ્રભુકૃપાથી ઝડપથી નિરામય સ્વાસ્થ્ય પ્રાપ્ત થયું. આ દરમિયાન અનુપમ સ્વજન ડૉ. તેજનભાઈ અને ડૉ. પાર્થિવભાઈનાં ભક્તિસંપન્ન માર્ગદર્શન પણ પ્રાપ્ત થયાં. હૉસ્પિટલના નિવાસ દરમિયાન સવાર-સાંજ આરતી, ધૂન, સત્‌શાસ્ત્રનાં વાંચન અને સેવકોને સમાગમ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સ્વાસ્થ્યલાભ પ્રાપ્ત કરી ૩૧ ડિસેમ્બરના રોજ સાંજે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પરત પધાર્યા. 'અક્ષરમહોલ'માં સૌ સંતો-ભક્તોએ ભાવપૂર્વક સ્વાગત કરી, પૂજન, દર્શનનો લાભ લીધો. ઉપાસનાના પ્રાંગણ-'શરણમ્'માં બિરાજી સૌને આવી રહેલા નૂતન વર્ષ નિમિત્તે આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

# સત્સંગ સમાચાર

## પરદેશમાં સંતોનાં વિચરણ

*** અમેરિકા :** સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સાધુ પૂ. રવિદાસજી અમેરિકાની ધર્મયાત્રાએ પધાર્યા. ૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ બપોરે તેઓ ઍલનટાઉન ખાતે અનુપમ મિશનના મંદિરે સંતો-ભક્તોએ પૂજન, પુષ્પાર્પણ કરી, ખૂબ ભાવથી તેઓનાં સ્વાગત કર્યાં. સ્વાગતસભામાં તેમજ રાત્રિસભામાં પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવી સવિકલ્પથી નિર્વિકલ્પ અવસ્થા સુધી પહોંચવાની ભક્તિયાત્રાનું સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું. ૭ ડિસેમ્બરના રોજ સાંજે યુવકો તથા યુવતીઓને પૂ. મનોજદાસજીએ ગોષ્ઠિનો ખૂબ સુંદર લાભ આપ્યો. ત્યારબાદ યોજિત સ્વાગતસભામાં પૂ. રવિદાસે ગુરુઆજ્ઞા મહિમા અને ગુરુઆજ્ઞાપાલનની વાત કરી. પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવ્યા અને સાધુ પૂ. જયેશદાસજીએ આભાર વ્યક્ત કર્યો. ૮ ડિસેમ્બરના રોજ ન્યૂજર્સી મંડળની અઠવાડિક સત્સંગસભામાં સાધુ પૂ. કૌશિકદાસજી, પૂ. રવિદાસજી અને પૂ. મનોજદાસજીએ અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. ત્યારબાદ સત્યેનભાઈ કઢીવાલાની મૉટેલ પર પધારી મૂર્તિ સ્થાપન કરી ધૂન-પ્રાર્થનાઓ કરી.

૧૦ ડિસેમ્બરના રોજ મૅરિલૅન્ડ દિનેશભાઈ-ખુશ્બૂબહેનના ઘરે પધારી, મહાપૂજામાં સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. પ્રફુલ્લભાઈ-ઉષાબહેનની મૉટેલ પર પધરામણી કરી તેમજ મનીષભાઈ-મનીષાબહેનના ઘરે મહાપૂજામાં આશીર્વાદ વરસાવ્યા. ૧૧ ડિસેમ્બરના રોજ રિચમંડમાં અનિલભાઈ-જશુબહેનના ઘરે અને મૉટેલ પર પધારી ધૂન-પ્રાર્થનાઓ કરી. વર્જિનિયામાં આશિષભાઈ-જલ્પાબહેનના નવા આવાસ તથા મૉટેલ પર પધારી મહાપૂજામાં સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ ધરી. મનીષભાઈ-દિવ્યાબહેનના ઘરે પધારી હૂંફ અને બળ આપ્યાં તેમજ મિતુલભાઈ-પૂર્વીબહેનના ઘરે પધારી પ્રાર્થનાઓ વહાવી. રાત્રે મંડળની અઠવાડિક સત્સંગસભામાં પૂ. મનોજદાસજી તેમજ પૂ. જયેશદાસજી સાથે સૌ સંતોનાં સ્વાગત થયાં. પૂ. મનોજદાસજીએ ગીતા જયંતી નિમિત્તે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પ્રબોધિત કર્મયોગ, ભક્તિયોગનું ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ સૌ યુવકો તથા બાળકોને ગોષ્ઠિનો સુંદર લાભ આપ્યો.

૧૨ ડિસેમ્બરના રોજ સોલ્ટ લેક સિટીમાં ચંદ્રેશભાઈ-આજ્ઞાબહેનના ઘરે અને ત્યારબાદ મહેશભાઈના ઘરે પધારી ધૂન-પ્રાર્થનાઓ કરી. ૧૩ ડિસેમ્બરના રોજ મિતેશભાઈના ઘરે પધરામણી કરી. ત્યારબાદ ચંદ્રેશભાઈ, સંજયભાઈ, ગૌરવભાઈ, સુમનભાઈની હૉટેલમાં મહાપૂજા કરી. મહાપૂજા બાદ સંજયભાઈના ઘરમંદિરમાં પધરામણી કરી. ત્યારબાદ ચંદ્રેશભાઈના ઘરમંદિરમાં પ્રથમ ઘરસભાનું આયોજન થયું, જેમાં સાધુ પૂ. રવિદાસજીએ સત્સંગ માટે સમય કાઢવાની સુંદર સમજ આપી તથા સાધુ પૂ. જયેશદાસજી અને સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવ્યા. ૧૪ ડિસેમ્બરના રોજ સવારે જયભાઈ-આરતીબહેનના ઘરમંદિરે પધરામણી કર્યા બાદ ચંદ્રેશભાઈ-આજ્ઞાબહેનની મૉટેલમાં મહાપૂજા કરી. ૧૫ ડિસેમ્બરના રોજ સોલ્ટ લેક સિટીથી રોસવેલ જતાં ડલાસમાં હર્ષદભાઈ-પિન્કીબહેનના ઘરે પધરામણી કર્યા બાદ જયભાઈ-કૃપાબહેનના ઘરે પધરામણી કરી પ્રાર્થનાઓ વહાવી. રોસવેલમાં હિતેન્દ્રભાઈ-ગીતાબહેનની મૉટેલમાં પધારી મહાપૂજા કરી. ૧૬ ડિસેમ્બરના રોજ વૈશાલીબહેન ભક્તા, આનંદભાઈ-નિશાબહેન, હિતેશભાઈ-પૂનમબહેન, શેફાલીબહેન, બ્રિજેશભાઈ ભક્તા આદિ અક્ષરમુક્તોના ઘરે પધરામણી કરી સત્સંગ-સમાગમનું સુખ આપ્યું. બપોરે રોસવેલથી સેંટો ફે પધારી અમીષાબહેન ભક્તાની મૉટેલમાં મહાપૂજા કરી. ૧૭ ડિસેમ્બરના રોજ સેંટો ફેથી નીકળી સાંજે મોલીન બિમલભાઈ શેઠની દીકરી સલોની-આકાશભાઈના ઘરે પધરામણી કરી. ત્યાંથી સંતોએ પિયોરિયા નૂતન મંદિરે પધારી શ્રી ઠાકોરજીની સંધ્યા આરતી કરી. ૧૮ ડિસેમ્બરના રોજ મીતભાઈ-સહેલીબહેનના નવા આવાસમાં મહાપૂજા કરી. રાત્રિસભામાં સાધુ પૂ. રવિદાસજીએ અડધો કલાક ધૂન, પૉઝિટિવ થિંકિંગ પર વિવિધ ઉદાહરણ આપી સમજ પૂરી પાડી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ સત્પુરુષની શરણાગતિ, તેઓની આજ્ઞાનું પાલન અને દાસત્વભાવ - એ ત્રણ ભક્તિમાર્ગનાં મહત્ત્વનાં પગથિયાં છે તેની અદ્‌ભુત સમજ આપી આશીર્વાદ વરસાવ્યા. ૧૯-૨૧ ડિસેમ્બર દરમિયાન કૅલિફૉર્નિયા પધારી સ્થાનિક ભક્તોને સભામાં તથા પધરામણીઓ કરીને સત્સંગનું અપ્રતિમ સુખ



ઍલનટાઉન મંદિરે સત્સંગસભામાં સાધુ પૂ. મનોજદાસજી દ્વારા સત્સંગલાભ અર્પણ

આપ્યું. આ દરમિયાન સંદીપભાઈ-શિલ્પાબહેન, રાજુભાઈ-સુધાબહેન, અનિલભાઈ, દર્શનભાઈ-સંગીતાબહેનના ઘરે પધરામણી કરી. સ્થાનિક યુવાનો સાથે ગોષ્ઠિ કરી માર્ગદર્શન આપ્યું. ૨૧ ડિસેમ્બરના રોજ યોજિત મંડળની સત્સંગસભામાં કીર્તનભક્તિનો આનંદ માણ્યો અને ભક્તોની વિદાય લઈને લૉસ ઍન્જલસ પધાર્યા.

૨૧થી ૨૩ ડિસેમ્બર ૨૦૨૪ લૉસ ઍન્જલસ ખાતેના રોકાણ દરમિયાન નૂતન મંદિરે રાત્રિ સત્સંગસભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. જયેશદાસજી, પૂ. રવિદાસજી અને અગાઉથી ઉપસ્થિત સાધુ પૂ. ભરતદાસજી, પૂ. ઉમેશદાસજીએ અદ્‌ભુત સત્સંગલાભ પ્રદાન કર્યો. અનેક ભક્તોના ઘરે પધરામણી કરીને સૌનાં સર્વાંગી કુશળ-મંગલ માટે પ્રભુચરણે પ્રાર્થનાઓ ધરી. ૨૩ ડિસેમ્બરના રોજ સૌની વિદાય લઈને સંતો ફ્લોરિડા પધાર્યા. ૨૪ ડિસેમ્બરે ગિરીશભાઈ-રક્ષાબહેન, દીપકભાઈ-પ્રતીક્ષાબહેન, હર્ષદભાઈ-સુધાબહેન, સુધાકરભાઈ-કનકબહેન, ડૉ. જિતુભાઈ-દક્ષાબહેનના ઘરે પધરાણી કરી, ધૂન-પ્રાર્થનાઓ કરી.

## શ્રી યોગી યુવા લીડરશિપ રિટ્રીટ-૨૦૨૪

યુવાપેઢીનાં સર્વાંગી ઘડતર માટે સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી વર્ષ ૨૦૨૪ની યોગી યૂથ લીડરશિપ રિટ્રીટ ૨૫થી ૨૯ ડિસેમ્બર દરમિયાન ઉપાસના ધામ, લૅકલૅન્ડ, ફ્લૉરિડા ખાતે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, પૂ.રવિદાસજી, પૂ. જયેશદાસજી અને પૂ. આશિષદાસજીનાં સાંનિધ્યમાં ખૂબ ભક્તિભાવપૂર્વક યોજાઈ. આ વર્ષની લીડરશિપ રિટ્રીટ માટેનું ધ્યેયસૂત્ર હતું-"ગુરુઆજ્ઞાથી નિર્દોષબુદ્ધિથી કરેલી સેવા એ સર્વોપરી સેવા છે." સમગ્ર નૉર્થ અમેરિકાનાં વિવિધ કેન્દ્રોમાંથી લગભગ ૮૦ જેટલા યૂથ લીડર્સે ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

૨૫ ડિસેમ્બર, નાતાલના શુભ દિવસની ઢળતી સંધ્યાએ યુવાન-યુવતીઓએ સંતોનાં ભક્તિપૂર્ણ સ્વાગત કર્યાં. સૌએ ભેગાં મળી ગુરુહરિ સાહેબદાદાના સ્વાસ્થ્યલાભ માટે શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જાપ સાથે રિટ્રીટની શુભ શરૂઆત કરી.રાહુલ, પ્રેમ અને મિતે પૂજન, પુષ્પહાર અને ખેસ અર્પણ કરી સંતોનાં સ્વાગત કર્યાં. સર્વે સંતો, ફ્લૉરિડા મંડળના આગેવાન હરિભક્તો તથા યુવા નેતાઓએ દીપપ્રાગટ્ય કરી રિટ્રીટના શુભારંભ કરાવ્યા. મહર્ષિભાઈએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર આપ્યો તેમજ આવનારા દિવસોના કાર્યક્રમની રૂપરેખા જણાવી. સાધુ પૂ. જયેશદાસજીએ રિટ્રીટનો ધ્યેય સ્પષ્ટ કરી આપ્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ પ્રદાન કર્યા. ત્યારબાદ વિવિધ રમતો રમી સંતો અને યુવાન-યુવતીઓએ એકબીજાં સાથે વાર્તાલાપ કરી પરિચય મેળવ્યો તથા સાથે મળી બ્રહ્માનંદ કર્યો.

૨૬ ડિસેમ્બરના પ્રથમ સત્રમાં સાધુ પૂ. રવિદાસજીએ તથા પૂ. જયેશદાસજીએ ગુરુઆજ્ઞાથી સેવા કરવાનાં માર્ગદર્શન આપ્યાં. ત્યારબાદ સંતો સાથે આઠ ગ્રુપમાં વિભાજિત થઈને ડિસ્કશન બેઈઝ્ડ ઈન્ટરેક્ટિવ ઍક્ટિવિટી કરી. અંતે પૂ. મનોજદાસજીએ રૂડા આશીર્વાદ વરસાવ્યા. બપોરે લીડરશિપ વર્કશોપમાં સંતો સાથે વિવિધ વિષયો પર ગોષ્ઠિ કરી. ૨૭ ડિસેમ્બરે પ્રથમ સભાસત્રમાં 'અનાસક્ત રહી નિરપેક્ષભાવે સેવા કરવા'ના વિષય પર નેવી અને સાત્વીએ વાતો કરી. ત્યારબાદ સૌ જુદાં જુદાં ગ્રુપમાં ઈન્ટરેક્ટિવ ઍક્ટિવિટીમાં જોડાયાં અને અસરકારક લીડરશિપ માટે ગોષ્ઠિ કરી. લીડરશિપ વર્કશોપમાં રમતગમતની સાથે એકબીજાંને પોતાની મૂંઝવણ વ્યક્ત કરી તેનાં નિરાકરણ મેળવ્યાં તેમજ સંતો સાથે પ્રશ્નોત્તરી કરી પોતાના મનના પ્રશ્નોનાં સમાધાન મેળવ્યાં. ૨૮ ડિસેમ્બરે સવારે કેનેડી સ્પેસ સૅન્ટરની મુલાકાત લીધી અને પૂ. મનોજદાસજીએ યુવાનોને ગોષ્ઠિનો લાભ આપ્યો. આમ, આ શિબિર સૌ માટે સર્વાંગી ઉત્કર્ષ કરનારી તેમજ પ્રેરણાદાયીઓ બની રહી.

૨૯ ડિસેમ્બર-રિટ્રીટના અંતિમ દિવસે પ્રાતઃ પૂજા બાદ સાધુ પૂ. મનોજદાસજી સાથે ફરીથી યુવાનોએ પ્રશ્નોત્તરીનો લાભ લીધો. ત્યારબાદ



કેલિફૉર્નિયા-યુ.એસ.એ.માં સંતોનાં સાંનિધ્યે અક્ષરમુક્તો



લૉસ ઍન્જલસ-યુ.એસ.એ. મંદિરે સત્સંગસભામાં સંતો-અક્ષરમુક્તો

યોજિત ભાવિ આયોજન સત્રમાં પૂ. મનોજદાસજીએ પ્રેરણાદાયી પ્રેઝન્ટેશન દ્વારા લીડરશિપ ટ્રેનિંગ પ્રૉગ્રામ, ૐ ક્રિમેટોરિયમ અને અનુપમ મિશનની સેવાકીય પ્રવૃત્તિઓનાં કાર્યચાલન વિષે માર્ગદર્શન આપ્યાં. પૂર્ણાહુતિ સભામાં પ્રેમ (લૅન્સડેલ), રિયા (લૉસ ઍન્જલસ), કેયા (કૅનેડા), ક્રિશા (ફ્લૉરિડા), નિશાંત (કૅનેડા), દીપ (ઍલનટાઉન), કંદર્પ (સિયૅટલ), મોક્ષ (ફ્લૉરિડા) આદિ યુવાન-યુવતીઓએ હૃદયસ્પર્શી અનુભવદર્શન કરાવ્યાં. ત્યારબાદ સાધુ પૂ. જયેશદાસજીએ ભારતથી ખાસ રિટ્રીટમાં પધાર્યા તે માટે પૂ. મનોજદાસજી અને પૂ. રવિદાસજીનો ખૂબ આભાર માન્યો. સાધુ પૂ. રવિદાસજીએ સૌ સાથે ખૂબ આનંદ આવ્યો તેવી ધન્યતા દર્શાવી.

આ રિટ્રીટમાં ખડેપગે સેવા કરનાર ફ્લૉરિડા મંડળના આગેવાન હરિભક્તો નીલેશભાઈ, ભાસ્કરભાઈ, હરેનભાઈ, લાલાભાઈ, સંદીપભાઈ, રાહુલભાઈ અને મિતભાઈને પૂજન, ખેસ અને મૂર્તિ અર્પણ કરી બિરદાવવામાં આવ્યા. તૃષિલે રિટ્રીટનાં સફળતાપૂર્વકનાં આયોજન કરનાર દરેક ભક્તોનો આભાર માન્યો. અંતે, પૂ. મનોજદાસજીએ ખૂબ રાજીપો દર્શાવી સૌ યુવાનેતાઓને ભાવવિભોર થઈ વંદન કર્યાં. આમ, સમગ્ર રિટ્રીટ સાહેબદાદાની કૃપાથી ખૂબ અદ્‌ભુત અને અવિસ્મરણીય રહી. યુવાનોને બ્રહ્માનંદની સાથે તેમના જેવા થઈ, તેમની સાથે ભળીને, તેમને સમજ પડે તે રીતે સંતોએ બ્રહ્મરસ પીરસ્યો. સૌને સંતો સાથેનું જોડાણ વધારે દૃઢ થયું. હકારાત્મક અને આનંદમય જીવન જીવવાનું ભાથું લઈ સૌ વિસર્જિત થયાં.

૩૦ ડિસેમ્બરના રોજ ફ્લૉરિડા મંદિરની નવી મૂર્તિઓની સ્થાપન વિધિની મહાપૂજા સાધુ પૂ. રવિદાસજી અને મિહિરભાઈએ કરી. થાળ-આરતી અર્પણ કર્યા બાદ પૂ. મનોજદાસજીએ પ્રભુની સેવા-પરિચર્યાનું સુંદર માર્ગદર્શન આપ્યું. ૩૧ ડિસેમ્બરે ફ્લૉરિડાના ભક્તોની ભાવભરી વિદાય લઈને સંતો ઍલનટાઉન પધાર્યા. નૂતન વર્ષના આરંભે ૧ જાન્યુઆરીના રોજ સુસ્મિતભાઈ-બેનાબહેન, સમિતભાઈ-દિશાબહેન, અતુલભાઈ-સ્વાતિબહેનના ઘરે પધારી પ્રાર્થનાઓ કરી. ૨ જાન્યુઆરીના રોજ રાજાભાઈ-સુનિતાબહેનના ઘરે મહાપૂજા કરી તેમજ ૩ જાન્યુઆરીના રોજ મનહરભાઈ-મીન્તુબહેન અને ભરતભાઈ કઢીવાલાના ઘરે પધારામની કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી.

અમૅરિકામાં વિચરણ દરમિયાન અદ્‌ભુત સત્સંગલાભ આપી, સંતભગવંત સાહેબજી અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં માહાત્મ્યને દૃઢ કરાવી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ સૌને અપાર આનંદ કરાવ્યો. ૬ ડિસેમ્બરના રોજ પૂ. મનોજદાસજીને ભારત પરત પધારવા સૌએ ભાવભીની વિદાય પાઠવી. સાધુ પૂ. જયેશદાસજી સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી ૭ જાન્યુઆરીના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંતભગવંત સાહેબજીના સાંનિધ્યમાં પધાર્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજીની સ્મૃતિમાં યોજિત કીર્તન આરાધનામાં તેઓનાં સ્વાગત થયાં. પૂ. મનોજદાસજીએ અમૅરિકાનાં વિચરણની સ્મૃતિઓ વાગોળી સંતભગવંત સાહેબજીનાં અદ્‌ભુત દિવ્ય કાર્યનાં મહિમાગાન કર્યાં.

*** ઈંગ્લૅન્ડ :** સંતભગવંત સાહેબજીની આજ્ઞા ઝીલી વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. ગૌતમદાસજી અને સાધુ પૂ. નીરવદાસજી ૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ઈંગ્લૅન્ડની ધર્મયાત્રાએ પધાર્યા. ડૅન્હમ સ્થિત અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સંતો-ભક્તોએ ભાવથી આવકાર્યા. સાંજે સ્થાનિક મંડળની અઠવાડિક સત્સંગસભામાં ભક્તિભાવે સંતોનાં સ્વાગત થયાં. પૂ. ગૌતમદાસજી અને પૂ. દિલીપદાસજીએ આશીર્વાદ વરસાવી સૌને અદ્‌ભુત લાભ આપ્યો. ૮ ડિસેમ્બર, રવિવારે સત્સંગસભામાં સંતોએ સત્સંગલાભ પ્રદાન કર્યો, જેને માણી સૌ આનંદે વિભોર બન્યાં. ૧૧ ડિસેમ્બર, મોક્ષદા એકાદશીના રોજ બહેનોની સભામાં પૂ. દિલીપદાસજીએ આશીર્વાદ વરસાવી ગુરુઆજ્ઞાપાલનનું મહત્ત્વ સમજાવી સુંદર લાભ પ્રદાન કર્યો. ૧૨ ડિસેમ્બર, ગુરુવારના રોજ કૃણાલભાઈ-નેહાબહેનના ઘરે વૅમ્બલી મંડળની અઠવાડિક સત્સંગસભામાં આશીર્વાદ વરસાવી, અઠવાડિક સત્સંગસભામાં હાજરી આપવા, અડધો કલાક ધૂન કરવા તથા 'વચનામૃત'



શ્રી યોગી યુવા લીડરશિપ રિટ્રીટમાં સંતોનાં સાંનિધ્યે સૌ શિબિરાર્થીઓ



ડૅન્હમ-યુ.કે. મંદિરે સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. ગૌતમદાસજી, પૂ. નીરવદાસજીનાં સ્વાગત

અને 'સ્વામીની વાતો'નાં વાંચન પર ભાર મૂકી, આ આજ્ઞા પાળવા બળ મળે તેવી પ્રાર્થના કરી. સભા પશ્ચાત્ સંતોએ મંડળના સૌ ભક્તોને ગોષ્ઠિનું સુખ આપ્યું. ત્યારબાદ પપ્પુભાઈ-અનુજાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી. ૧૩ ડિસેમ્બરના રોજ હર્ષિતભાઈ-શોભનભાઈના ઘરે ઈકનહામ મંડળની અઠવાડિક સત્સંગસભામાં 'વચનામૃત'નું નિરૂપણ કરી સાધુ પૂ. ગૌતમદાસજીએ માર્ગદર્શન આપ્યાં અને સાધુ પૂ. દિલીપદાસજીએ આજ્ઞાપાલનનો મર્મ સમજાવી આશીર્વાદ પ્રદાન કર્યા.

૧૪ ડિસેમ્બરના રોજ પ્રકાશભાઈ-રેખાબહેનના ઘરે પધારી ઘરમંદિરમાં શ્રી નીલકંઠ વર્ણીની મૂર્તિ પધરાવી. ૧૫ ડિસેમ્બરે નાતાલની ઉજવણીના ભાગરૂપ યુવાનો-બાળકોને આનંદબ્રહ્મ કરાવી પૂ. ગૌતમદાસજીએ હિન્દુ સંસ્કૃતિનાં માહાત્મ્યની પણ વાતો કરી. ૧૯ ડિસેમ્બરે પપ્પુભાઈ-અનુજાબહેનના ઘરે અઠવાડિક સત્સંગસભામાં પૂ. ગૌતમદાસજી અને પૂ. દિલીપદાસજીએ અદ્ભુત સત્સંગલાભ આપ્યો. ૨૨ ડિસેમ્બરે યોગીબાપાની સ્મૃતિમાં માસિક કીર્તનઆરાધના યોજાઈ, જેમાં બંને વડીલ સંતોએ કીર્તનો ગાયાં અને તેના મર્મ સમજાવી અનેરી સ્મૃતિઓ આપી. ૨૯ ડિસેમ્બરના રોજ અઠવાડિક સત્સંગસભામાં ભારત પરત પધારતા યુવાન સાધુ પૂ. જીતદાસજીને વિદાયની શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ વરસાવ્યા. ૩૧ ડિસેમ્બરના રોજ ઍન્ડ્રિયા-અનીસેના ઘરે પધારી ધૂન-પ્રાર્થનાઓ કરી.

૧ જાન્યુઆરી-અંગ્રેજી કૅલેન્ડર મુજબ શરૂ થતા નવા વર્ષની શરૂઆત સૌએ સમૂહ જપયજ્ઞ દ્વારા કરી. આ નિમિત્તે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ફોન દ્વારા આશીર્વાદ પ્રાપ્ત થયા. સાધુ પૂ. દિલીપદાસજી અને પૂ. ગૌતમદાસજીએ પણ આધ્યાત્મિક લાભ આપી સૌને અનેરો આનંદ કરાવ્યો. નવા વર્ષનો આરંભ થતો હોવાથી ઘણા ભક્તો અને મોટી સંખ્યામાં મુમુક્ષુઓએ મંદિરે પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન અને સંતોના સમાગમનો લાભ લીધો. સાંજે સ્નેહલભાઈ-ખુશ્બૂબહેનના ઘરે પધારી પ્રાર્થનાઓ કરી. ૨ જાન્યુઆરીના રોજ પ્રીતિબહેન પડિયાના ઘરે સંતોએ પધરામણી કરી સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું. આ સંતોએ ડિજિટલ માધ્યમથી યોજાતી નિત્ય રાત્રિ સત્સંગસભામાં પણ 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'નાં નિરૂપણ કરી સત્સંગલાભ પ્રદાન કર્યો.

૩ જાન્યુઆરીના રોજ ઈકનહામમાં પ્રકાશભાઈ-રેખાબહેનના ઘરે યોજિત સત્સંગ સભામાં સાધુ પૂ. દિલીપદાસજી અને પૂ. ગૌતમદાસજીએ વાંચનમૂર્તના આધારે વાતો કરી નિયમિત ભજન કરવાની સમજણ આપી. ૪ જાન્યુઆરીના રોજ સૌ સ્થાનિક યુવાનો ભેગા થયા અને રમતગમત સાથે બ્રહ્માનંદ કર્યો. સંતો સાથે ગોષ્ઠિ અને પ્રશ્નોત્તરી કરી પ્રશ્નોના સમાધાન મેળવ્યા. ૫ જાન્યુઆરીના રોજ અઠવાડિક સત્સંગસભામાં ભારત પરત પધારતા સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. ગૌતમદાસજી અને સાધુ પૂ. નીરવદાસજીને ભાવભરી વિદાય આપવામાં આવી. સૌનો ભાવ ઝીલી સંતો ૮ જાન્યુઆરીના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. જ્યાં સંતો-ભક્તોએ ભાવથી સ્વાગત કરી આવકાર્યા. ◆

## શ્રી વડતાલધામ પદયાત્રા

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશિષથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે શ્રી વડતાલધામ પદયાત્રા 'મંદિર નિર્માણ આજ્ઞા હીરક જયંતી'ના ભાગ રૂપે રવિવાર, ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ યોજાઈ, જેમાં ભાગ લેવા દેશ-વિદેશનાં અનેક મંડળોના આબાલવૃદ્ધ અનેક સંતો-ભક્તોએ જોડાઈને ભક્તિ અદા કરી. આખા વર્ષ દરમિયાન ભગવાન અને ગુરુ રાજી ન થાય એવું કંઈ જિવાયું કે વર્તાયું હોય તેની શ્રી હરિકૃષ્ણ મહારાજના શ્રીચરણે માફી માંગવા અને આવનારા નૂતન વર્ષે ભગવાન અને ગુરુ પ્રસન્ન થાય તેવી ભક્તિ અદા કરવાની બુદ્ધિ અને શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવાના શુભ ભાવથી આ પદયાત્રાનાં આયોજન થયાં.

વહેલી સવારે ૪:૩૦ વાગ્યે નૂતન મંદિરજી સમક્ષ સૌ સંતો-ભક્તોએ ધૂન-પ્રાર્થના કરીને પદયાત્રાનો આરંભ કર્યો. માર્ગમાં ચરોતર પ્રદેશના ભક્તોએ ગરમ ચા-બિસ્કિટની વ્યવસ્થા કરી, જેનો લાભ સૌ પદયાત્રીઓએ લીધો. વડતાલ મંદિરે સવારે શણગાર આરતી પૂર્વે પહોંચી સૌએ ધૂન-પ્રાર્થના અને આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. ત્યારબાદ શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલના પરિસરમાં યોજિત સભામાં સૌ પધાર્યા.

સભામાં સંતભગવંત સાહેબજીની મૂર્તિ અને સદ્‌ગુરુ સંતોનાં સ્વાગત યુવાનોએ કીર્તનના તાલે ઉમંગથી પુષ્પો વરસાવી ભક્તિભાવે કર્યાં. સભા પ્રારંભે સૌએ સંતભગવંત સાહેબજીના નિરામય સ્વાસ્થ્ય માટે સમૂહ ધૂન કરી ભક્તિ અદા કરી. શ્રી વડતાલધામ પદયાત્રાના મહિમાને ઉજાગર કરતા નૂતન કીર્તનનાં ગાન કરીને શ્રી યોગી યુવા સૂરવૃંદના યુવાનોએ ભક્તિભાવ રેલાવ્યા. જેઓએ પદયાત્રા-ભક્તિ અદા કરી, તે સૌ પર સદ્‌ગુરુ સંતોએ પ્રસન્નતાના આશીર્વાદ વરસાવ્યા.



શ્રી વડતાલધામ પદયાત્રા પ્રસંગે 'સ્મરણ સુધા' પુસ્તિકાનાં મુક્તાર્પણ

આ સભામાં ગુરુસભાના યુવક ધ્યેય પટેલે સંતભગવંત સાહેબજીના ગુરુઆજ્ઞા પાલનના અદ્ભુત ભક્તિભર્યા પ્રસંગો વર્ણવી ચોટદાર વક્તવ્ય રજૂ કર્યું. સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી સત્સંગના શ્લોકો, પદોના મુખપાઠ તેના અર્થને સમજીને કરી શકાય તેવી પૉકેટ પુસ્તિકા 'સ્મરણ સુધા'નાં મુકતાર્પણ આ પ્રસંગે થયાં અને તે શ્રી વડતાલ પદયાત્રાની સ્મૃતિરૂપે અર્પણ કરવામાં આવી. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં ગુરુઆજ્ઞાપાલનનાં આધ્યાત્મિક મહત્ત્વ સમજાવી સુહૃદભાવસભર ભક્તિ કરવાનાં મનનીય માર્ગદર્શન આપ્યાં તેમજ પદયાત્રીઓ અને વ્યવસ્થાપક સંતો-ભક્તોની ભક્તિને બિરદાવી. અંતે સંતભગવંત સાહેબજીના પ્રિ-રૅકોર્ડેડ આશીર્વાદ મેળવી સૌ ધન્ય થયાં. એક હજારથી વધુ અક્ષરમુક્તોએ આ પ્રસંગે સત્સંગલાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. આ સમગ્ર યાત્રાનાં સફળ સંચાલનમાં સેવા-સહકાર આપનાર સૌ અક્ષરમુક્તોનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરાયો. ◆

## શિણાય-કચ્છ મંદિરની મૂર્તિઓનો પ્રથમ પાટોત્સવ

કચ્છના શિણાય સ્થિત ઉપાસના ધામની મૂર્તિઓનો પ્રથમ પાટોત્સવ ૧૦ ડિસેમ્બરના રોજ વડીલ સાધુ પૂ. રમેશદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. હરેશદાસજી, પૂ. જિજ્ઞેશદાસજી, પૂ. નિખિલદાસજી આદિ સંતોનાં સાંનિધ્યે ભક્તિભાવપૂર્વક ઉજવાયો. પૂ. અશોકદાસજીએ પાટોત્સવ પૂજાવિધિ કરાવી. જેમાં ૨૦ યુવાનો યજમાનપદે બિરાજ્યા. પાટોત્સવ પૂજા બાદ કેતનભાઈ, કશ્યપભાઈ, પીયૂષભાઈ, ડૉ. જતીનભાઈ, જગદીશભાઈ, વિરલભાઈ, સુનીલભાઈ, શ્રદ્ધાબહેન અને દીપાબહેને અનુભવદર્શન કરાવ્યાં. સાધુ પૂ. હરેશદાસજી અને પૂ. રમેશદાસજીએ આશીર્વાદ વરસાવી સૌની સેવાને બિરદાવી. અંતે શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય ધરાવી પાટોત્સવ આરતી અર્પણ કરી. ◆

## ધારીમાં આંખ તપાસ કૅમ્પ

સ્વ. શાંતાબહેન વનમાળીદાસ સંઘરાજકા તેમજ સંઘરાજકા પરિવાર તથા અનુપમ મિશન સંચાલિત યોગીજી મહારાજ મહાવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ડાયાબિટીસ રૅટિનોપથી નિદાન અને સારવાર કૅમ્પનું ૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ધારી ખાતે આયોજન કરવામાં આવ્યું, જેમાં યોગીજી મહારાજ મહાવિદ્યાલયનાં એન. એસ. એસ.નાં બહેનોએ સેવા આપી. આ કૅમ્પમાં ધારી પંથકના ૨૦૭થી વધુ દર્દીઓએ સારવારનો લાભ લીધો તેમજ ૨૦૯ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ હાથ ધરવામાં આવી. તે પૈકી ૧૦૫ મોતિયાનાં સફળ ઑપરેશન હાથ ધરાયાં અને ૧૬૫ જેટલા દર્દીઓના રૅટિનોપથીનું નિદાન અને સારવાર કરવામાં આવી. આ કૅમ્પમાં ડૉ. જિજ્ઞેશભાઈ ગોસાઈ, ડૉ. વિપુલભાઈ પ્રજાપતિ, ડૉ.



ઉપાસના ધામ, શિણાય-કચ્છ મંદિરમાં પ્રથમ પાટોત્સવપૂજા

સ્વાતિબહેન રવાણીએ દર્દીઓની સારવાર કરી તેમજ યોગીજી મહારાજ મહાવિદ્યાલયના ટ્રસ્ટીશ્રી-સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદા, આચાર્યશ્રી ડૉ. આર. કે. દવે તેમજ ડૉ. હરેશ પરમાર ઉપસ્થિત રહ્યા. ◆

## શ્રદ્ધાંજલિ



***પૂજ્ય રાધાબા જસાણી :** અત્યંત ભક્તિવાન અને સત્સંગનાં માવતર એવાં ધારી તીર્થધામનાં નિવાસી પૂ. રાધામાસી ૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. ધારીમાં રહીને તેઓએ પૂ. જસાણીદાદાને સમાજ ઉત્કર્ષનાં હરેક કાર્યોમાં અને વિશેષ તો, અનુપમ મિશન દ્વારા થતી સેવા અને સત્સંગની પ્રવૃત્તિમાં યત્કિંચિત સહકાર આપ્યો. તેઓના દીકરા અતુલભાઈ તથા દીકરીઓ સ્મિતાબહેન, કલ્પનાબહેન અને અમિતાબહેનને પણ સત્સંગ અને સેવાના અદ્ભુત સંસ્કારોથી સિંચિત કર્યાં. રાધામાસીએ પોતાનાં વહાલ અને વાત્સલ્યથી યોગીજી મહારાજ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતી અને હૉસ્ટેલમાં નિવાસ કરતી અનેક દીકરીઓને પણ આધ્યાત્મિક સંસ્કાર પ્રદાન કર્યા. સંતો પ્રત્યે અપાર ભક્તિભાવ સેવીને અહોહોભાવે તેમની સેવા કરી. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોને આત્માના કલ્યાણદાતા માની સેવ્યાં અને સૌને આદર્શ પૂરો પાડ્યો. આવાં પ્રેરણાદાયી માવતરને વિદાયવેળાએ અંતરનાં પ્રણામ અને ભાવસભર વંદના ! ૫ જાન્યુઆરીએ ધારીમાં તેઓની પ્રાર્થનાસભામાં ગુરુવર્ય પ.પૂ. સાહેબદાદાની પ્રેરણાથી સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણભાઈ સાથે બ્રહ્મજ્યોતિ, મોગરીથી સંતો-ભક્તો ખાસ ઉપસ્થિત રહ્યા અને ધૂન-પ્રાર્થના-મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી, કીર્તનો ગાઈ, માહાત્મ્યગાન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી. ◆

# DIVINE SHANTIDADA !

**"I Choose not to mourn his absence but to honour his words..."**

Ndesai ~ Nishtha Desai

(Ms. Hallford, English 9H, Period 2, San Francisco)

**In** the quiet corner of recollection's garden, where memories bloom like fragrant roses, there lies a tale of a saint named Shantidada, a soul whose name, with a radiant glow, whispered peace in every syllable, like roses in a row.

When four frames unite, it crafts a space where memories ignite. Blossoms of remembrance take flight, with each of those petals honoring Shantidada's light. Within this floral garden, he becomes the nurturing soil from which the rose of my existence grows. From the moment I was born, he held the reins of my life, my silent compass guiding me through life's toughest fights.

There lie unique pictures in the confines of my mind, where each stroke, a lesson learned, each shade, a transformation.

One framed picture stands out vividly-a scene where wisdom blossomed in the innocence of childhood. At the age of three, where every moment is a lesson waiting to be learned, I encountered a truth, unaware of what it meant, yet it stayed with me wherever I went.

It was a simple mishap, a spill of cold water, and frustration surged within me like a tempest. Yet, at that moment, Shantidada, with his gentle wisdom, reframed the situation. Instead of succumbing to tears, he offered a different perspective, "a refreshing experience on a hot day," he called it.

That day, *I learned* the power of positivity. *I learned* that this positivity opens a world of possibilities for myself *I learned* that there always lies an opportunity to find joy and renewal even when things don't go my way. *I learned* that resilience resides in the heart of hardships and that every challenge is but a stepping stone toward growth and strength.

Shantidada may have left the physical realm, but his legacy lives on in the way I navigate the challenges of life.

The memories of him evoke a mixture of emotions. The ache of loss is undeniable, but so is the warmth of gratitude for the impact he had on my life.

As tears turn into pearls of remembrance, each one paying tribute to Shantidada's teachings, his presence echoes in my heart like a hopeful symphony. I've come to understand that embracing positive energy allows me to perceive life's brighter facets and tackle challenges with a determined mindset.

I choose not to mourn his absence but to honor his words, knowing that he was the one who made me a rose. ◆

# અનુપમ મિશનનાં ગૌરવ

**યુ.કે.**માં વસતા ઋષિલ સુનીલ કોટેચા અનુપમ મિશનના સમર્પિત યુવા સ્વયંસેવક છે. તાજેતરમાં, ઋષિલે કાર્ડિફ યુનિવર્સિટીમાંથી મિકેનિકલ ઍન્જિનિયરિંગની ડિગ્રી મેળવીને, નૉટિંગહામ યુનિવર્સિટીમાંથી ડિસ્ટિંક્શન સાથે કમ્પ્યુટર સાયન્સમાં M.Sc. પૂર્ણ કરી સ્નાતકનો અભ્યાસ કર્યો. આ અભ્યાસ દરમિયાન તેમના અંતિમ પ્રૉજેક્ટ માટે સમગ્ર ઍન્જિનિયરિંગ શાળામાં સૌથી વધુ ગુણ હાંસલ કરવા બદલ ઋષિલને કાર્ડિફ યુનિવર્સિટી સ્કૂલ ઑફ ઍન્જિનિયરિંગ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો. તેનું આ કાર્ય રોલ્સરોયસના સહયોગથી ઍરક્રાફ્ટ ઍન્જિનના ઉત્સર્જનને નિયંત્રિત કરવા અને ઘટાડવા માટે સાધનો બનાવવા પર હતું, જે ઉડ્ડયનક્ષેત્રે પર્યાવરણની વધુ જાળવણી અર્થે યોગદાન આપે છે. તેમના M.Sc.ના અભ્યાસ દરમિયાન ઋષિલે તેના ઍન્જિનિયરિંગ જ્ઞાન સાથે પ્રોગ્રામિંગ અને ઈન્ટરેક્ટિવ ટેક્નોલૉજીની મદદથી આ કાર્ય સુપેરે પાર પાડ્યું. વળી, ઋષિલે તેનાં ડિજિટલ તબલાં બનાવવાના ડેઝર્ટેશન પ્રૉજેક્ટમાં તબલાંના પરંપરાગત અવાજ તથા ઍકોસ્ટિક ગુણધર્મોને યોગ્ય રીતે સંમિલિત કરવા માટે મિકેનિકલ ઍન્જિનિયરિંગ અને ઈન્ટરનેટ ઑફ થિંગ્સ (IoT) આદિ તકનિકનો અદ્‌ભુત રીતે ઉપયોગ કર્યો. ઋષિલે મ્યુઝિયમો માટે ઈન્ટરેક્ટિવ ઑગમેન્ટેડ રિયાલિટી હૉલોગ્રામ બનાવવાની પણ ઉમદા કામગીરી કરી વિશેષ સિદ્ધિ મેળવી છે. આ બધા જ પ્રૉજેક્ટ્સ તેના તેજસ્વી અભ્યાસ, ઉજ્જ્વળ પ્રતિભા, ટેક્નોલૉજીના બહોળા જ્ઞાનના સુચારું સમન્વય કરી નવીનતાને ઓપ આપવાના બહુમુખી કૌશલ્યોનું દર્શન કરાવે છે.



ઋષિલ કોટેચા

તેની આ સિદ્ધિઓ બદલ તેઓએ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રેમ અને આશીર્વાદને મુખ્ય પરિબળ માન્યું છે. તેઓએ કરેલી પ્રાર્થનાઓને પરિણામે ઋષિલ આજે પણ સંતવર્યો પ્રત્યે ગદ્‌ગદભાવની લાગણી અનુભવે છે. તેની સફળ કારકિર્દીમાં યોગદાન આપનાર સંતો, માતા-પિતા અને પરિવારે આપેલ હૂંફ અને પ્રોત્સાહન પ્રેરણાદાયી છે. ઋષિલને તેની સુવર્ણ સિદ્ધિઓ બદલ અભિનંદન ! ◆



પતંજલિ યોગપીઠ, હરિદ્વારના આચાર્ય શ્રી બાલકૃષ્ણજી દ્વારા સાહેબજીનાં સન્માન



સંતભગવંત સાહેબજી, પ.પૂ. અશ્વિનદાદા અને આચાર્ય શ્રી બાલકૃષ્ણજીની સ્નેહસભર સ્મૃતિ



શ્રી સ્વામિનારાયણ મંદિર, હરિદ્વારના મહંત આનંદજીવન સ્વામીજી દ્વારા ભાવપૂજન



દિલ્હી મંદિરે પ.પૂ. ગુરુજીના સાંનિધ્યમાં યોજિત સભામાં સાહેબજીનાં આશીર્દાન





સુરત નજીક આવેલ સણિયા ગામે પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીની પ્રેરણાથી નિર્મિત નૂતન મંદિરની પ્રાણપ્રતિષ્ઠા વિધિ તથા આરતીમાં ઉપસ્થિત સદ્ગુરુ પ.પૂ. અશ્વિનદાદા અને સંતો





સણિયા ગામે નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે સત્સંગસભામાં પ.પૂ. અશ્વિનદાદા અને પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીને પુષ્પહાર રૂપી ભાવવંદના અર્પણ





स्वामिश्रीजी

# નિમંત્રણ

## ॥ શ્રી ભગતજીતીર્થ મહોત્સવ ॥

### ॥ ગુરુઆજ્ઞા મહિમા પર્વ ॥

ગુરુદેવ યોગીજી મહારાજની આજ્ઞાથી અને સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી વડોદરામાં શ્રી અટલાદરા નજીક બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજના પ્રસાદીના સ્મૃતિસ્થાન "**શ્રી ભગતજીતીર્થ**"માં શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમ મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજ આરસની દિવ્ય પ્રતિમારૂપે બિરાજમાન થઈ રહ્યા છે.

**૨ ફેબ્રુઆરી ૨૦૨૫, રવિવાર**

(તપોભૂમિ બ્રહ્મજ્યોતિ - મોગરી)

વસંત પંચમી, બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્યમંગલ મહાપર્વ

**શ્રી મૂર્તિઓની શોભાયાત્રા**

**બપોરે ૨:૩૦ વાગ્યે**

**"શ્રી ઉપાસનાભક્તિ મહાયજ્ઞ"**

**સાંજે ૪.૦૦ વાગ્યે**

**ગુરુઆજ્ઞા મહિમા પર્વ સભા**

"બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્યોત્સવ"
"શ્રી ભગતજીતીર્થ મહોત્સવ"

**સાંજે ૬.૦૦ વાગ્યે**

**૪ ફેબ્રુઆરી ૨૦૨૫, મંગળવાર**

(વડોદરા)

**શ્રી મૂર્તિઓનાં સ્થાપન-પૂજનવિધિના મંગલ ઉત્સવ "શ્રી ભગતજીતીર્થ"**

**સાંજે ૫.૩૦ વાગ્યે**

**"શ્રી ભગતજીતીર્થ મહોત્સવ"**

સ્થળ : અલકાપુરી ક્લબ, અલકાપુરી, વડોદરા

**સાંજે ૬:૦૦ વાગ્યે**

ગુરુહરિ સાહેબદાદાની પ્રત્યક્ષ સંનિધિમાં થનાર આ મહામંગલમય પ્રસંગોએ આપને હૃદયનાં ભાવભક્તિ અર્પણ કરી મહાપુણ્ય અને આશીર્વાદ પ્રાપ્ત કરવા સાદર પ્રેમભર્યું નિમંત્રણ છે. જરૂર પધારશોજી !

મોગરી

વડોદરા - કાનમ - અંકલેશ્વર સત્સંગમંડળ વતી
શંકરભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ તથા
પ્રાદેશિક સંતો સાધુ દિવ્યેશદાસ, સાધુ સતીશદાસ, સાધુ રમેશદાસ-કપિલ,
સાધુ હરેશદાસ, સાધુ મણિદાસનાં જય શ્રી સ્વામિનારાયણ !

**સંપર્ક : જે. કે. પટેલ ૯૮૯૮૦ ૭૫૨૩૫**

અલકાપુરી ક્લબ

**Regd. News Paper / Air Mail / Book Post**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office
"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-1-2025 * Office of Origin : Vallabh vidhyanagar
Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah
Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

To,

If Undelivered Please return to :
Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,
Gujarat, India * Phone : (02692) 230483, 230544
email : amindia@anoopam.org * website: www.anoopam.org